બરકાતુલ્ ઈમ્દાદ લિ અહ્લિલ્ ઈસ્તિમ્દાદ

# બુઝુર્ગોની મદદોની બરકતો


લેખક : આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત, મુજદ્દીદે દીનો મિલ્લત, **ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)**

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧,
૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


પ્રકાશન નં. : ૧૯૬ આવૃત્તિ–૨ પ્રત : ૪૫૦૦
૦૬–શવ્વાલ હિ.સ. ૧૪૩૩ સપ્ટેમ્બર–૨૦૧૨

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪૬૪૪૧૧


# કલામે ઈમામ

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** (رضی اللہ عنہ)

દુશ્મને અહમદ પે શિદ્દત કીજિએ મુલ્હિદોં કી ક્યા મુરવ્વત કીજિએ
ઝિક્ર ઉન્કા છેળીએ હર બાત મેં છેળના શયતાન કા આદત કિજિએ
મિષ્લે ફારસ ઝલઝલે હોં નજ્દ મેં ઝિક્ર આયાતે વિલાદત કીજિએ
કીજિએ ચર્ચા ઉન્હીં કા સુબ્હો–શામ જાને કાફિર પર કિયામત કીજિએ
આપ દરગાહે ખુદામેં હંય વજીહ હાં શફાઅત બિલવજાહત કીજિએ
હક઼ તુમ્હે ફર્મા ચુકા અપના હબીબ અબ શફાઅત બિલ મહબ્બત કીજિએ
ઈઝ્ન કબકા મિલ ચુકા અબ તો હુઝૂર હમ ગરીબોં કી શફાઅત કીજિએ
મુલ્હિદોંકા શક નિકલ જાએ હુઝૂર જાનિબે મહ ફિર ઈશારત કીજિએ
શિર્ક ઠહરે જિસમેં તાઝીમે હુઝૂર ઉસ બુરે મઝહબ પે લાનત કીજિએ
ઝાલિમો મહબૂબ કા હક્ક઼ થા યહી ઈશ્ક઼ કે બદલે અદાવત કીજિએ
વદ્દુહા હુજુરાત અલમ નશ્રહસે ફિર મોમિનો ઈતમામે હુજ્જત કીજિએ
ગૌષે આ'ઝમ આપ સે ફરિયાદ હય ઝિંદા ફિર યે પાકે મિલ્લત કીજિએ !
યા ખુદા તુઝ તક હય સબકા મુન્તહા અવલિયા કો હુકમે નુસરત કીજિએ
મેરે આકા હઝરતે અચ્છે મિયાં હો '**રઝા**' અચ્છા વો સૂરત કીજિએ



نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

# પ્રથમ આવૃત્તિ વખતે

## અનુવાદકના બે બોલ........

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત "ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી" રદિયલ્લાહો અન્હોની લખેલ કિતાબના માટે શું કહેવું ! જે ખૂદ મુજદ્દિદ છે, ઈમામે એહલે સુન્નત છે ! આલમે ઈસ્લામના આ માન્યવર પેશ્વાની નિસ્બત જ ખૂદ કિતાબની ઉચ્ચતા માટે એક જબરદસ્ત હવાલો છે. મુજ નાચીઝની શું હેસિયત કે એના વિશે કાંઈક કહું ! ઈન્સાફ પસંદ દિલો માટે આ કિતાબ ઈમાની દૌલતનો મોજાં મારતો સમુદ્ર છે. આપની ઈલ્મી સમૃધ્ધતાએ ગાગરમાં સાગર સમાવી દીધો છે. આપની કરામત રૂપી કલમે હક઼ને ચમકતા તેજ સૂર્યની જેમ ઉજજવળ કરી બાતિલને જમીનદોસ્ત કર્યું છે. વાંચકોથી કેવળ એક જ તમન્ના છે કે ધ્યાનપૂર્વક કેવળ હક઼ની તલાશને જ ધ્યાનમાં રાખી નિષ્પક્ષ રીતે એનો અભ્યાસ કરે, અને જેમના વિશે કાંઈક ઉમ્મીદ જણાય તેવા નિકટના ઝઈફ ઈમાનવાળાને વંચાવી ગુમરાહિયતથી બચાવે. "કિતાબનો વારંવાર અભ્યાસ કરે અને કરાવે."





મુઝ નાચીઝ હકીરની શું હેસિયત કે આપની સમૃધ્ધ વાણીને ગુજરાતીમાં તબદીલ કરી લોકો સમક્ષ રજૂ કરૂ ! ગ઼ૌષે પાક સરકારે બગદાદ, ખ્વાજા ગરીબ નવાઝ તથા જુમ્લા ઔલિયા رحمۃ اللہ علیہم اجمعین નો મુઝ હકીર પર ફૈઝાને કરમ કે મેં આ કિતાબનો અનુવાદ કરવાનું સાહસ કર્યું.

આ પ્રસંગે જો હું "હઝરત અલ્લામા મૌલાના ક઼ારી મુહમ્મદ અબુલ કલામ રઝવી" (ખલીફએ મુફતીએ આ'ઝમે હિંદ વ ખલીફએ હઝરત સૈયદ કમરૂદ્દીન બાવા કારંટવી)નો આભાર ન માનું તો નગુણો જ કહેવાઉં. આપના પ્રોત્સાહન તેમજ માર્ગદર્શને જ આ કિતાબમાં પ્રાણ પૂર્યા છે. ઈસ્તેલાહી શબ્દોને તેમજ કઠિન શબ્દોને શક્ય તેટલા હળવા બનાવવા કૌંસ કરી સમજાવવા કોશિશ કરી છે, છતાં કોઈને તકલીફ રહે તો કોઈ કામિલ આલિમ તથા બાઈલ્મ વ્યક્તિથી ઉકેલ મેળવે અને મારી કોઈ ભૂલ જણાય તો બેધડક જાણ કરે જેથી આગામી આવૃત્તિમાં સુધારી લેવાય.

અંતમાં વિનંતિ કે દરેક વાંચક મુઝ નાચીઝ હકીરના માટે દુઆ કરે કે મૌલા તઆલા એના હબીબે પાક ﷺના વસીલાથી ખાત્મો બિલ ખૈર કરે અને ઈમાનો અમલની સલામતી સાથે જીવન જીવવાની તૌફીક આપે.

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ و التسلیم

*–લિ. ખાકપાએ રઝા*

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૨૦/૧૨/૧૯૮૯, મુ. દયાદરા, તા. જિ. ભરૂચ)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

શું ફર્માવે છે દીનના ઉલમા (આલિમો) આ મસ્અલામાં કે આયત وَاِيَّاكَ نَسۡتَعِيۡنَ (વઈય્યાકનસ્તઈન)નો અર્થ વહાબી આ પ્રમાણે જણાવે છે કે ગયરે ખુદા (ખુદા સિવાય અન્ય)થી મદદ માંગવી શિર્ક છે.

**દેખ હસ્રે નસ્તઈન અય પાક દીન,**
**ઈસ્તેઆનત ગૈર સે લાએક નહીં**
**ઝાતે હક્ક઼ બેશક હય નેઅમલ મુસ્તઆન**
**હયફ હય જો ગૈરે હક્ક઼ા હો ધ્યાન**

અને ઉલમા તથા સૂફીઓનો અક઼ીદો આ પ્રમાણે દર્શાવે છે કે હઝરત મસ્લેહુદ્દીન સઅદી શીરાઝી رحمۃ اللہ علیہનું પણ એના પર ઈમાન હતું કે "ન દારેમ ગૈર અઝ તુ ફરિયાદ રસ."

(અર્થ : નથી રાખતા (માનતા) અમે તારા (ખુદા) સિવાય અન્ય કોઈને મદદગાર). અને હઝરત મૌલાના નિઝામી ગંજવી رحمۃ اللہ علیہ પણ દુઆમાં અર્ઝ કરતા હતા, "બુઝુર્ગા બુઝુર્ગી દેહા બેક સમ, તુઈ યાવરી બખ્શોયારી રસમ." (અર્થ : હે બુઝુર્ગ !





(ખુદા) મુઝ બેકસને બુઝુર્ગી અતા કર, તું જ મદદ ફર્માવ અને મદદે પહોંચ)

અને હઝરત સૂફયાન થૌરી رحمۃ اللہ علیہનો દિલચશ્પ અને ઈબ્રતઅંગેઝ કિસ્સો વર્ણવે છે જે 'તોહફતુલ આશિક઼ીન'માં વર્ણન થયેલ છે કે એક દિવસે આપ નમાઝ પઢતા હતા. જ્યારે نستعين પર પહોંચ્યા તો બેહોશ થઈને પડી ગયા. જ્યારે હોશમાં આવ્યા ત્યારે ફર્માવ્યું કે, જ્યારે રબ્બુલ આલમીન اِيَّاكَ نَسۡتَعِيۡنَ ફર્માવે અને હું ગૈરે ખુદાથી મદદ માગુ તો મારાથી વધુ બેઅદબ કોણ હશે ? બીજી આયત શરીફ જનાબ ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامના કિસ્સાની કે, اِنِّیۡ وَجَّهۡتُ وَجۡهِیَ لِلَّذِیۡથી બયાન કરે છે. અને ઘણી આયતો અને હદીષો અને ઉલમા તથા સૂફીઓના કથનો દર્શાવે છે, એટલા માટે આપની ખિદમતે આલીમાં ખ્વાહિશમંદ છું કે તેની રદ લખીને મને મોકલો કે જેથી તે વહાબીને બતાવું. જવાબ કુર્આનનો કુર્આનથી, હદીષનો હદીષથી, અક઼વાલ (બુઝુર્ગોના કથનો)નો અક઼વાલથી ઈર્શાદ ફર્માવશો અને ભાવાર્થ લફઝી (જાહેરી ભાવાર્થ) હોય. બૈયનૂ વ તૂજરૂ

*—લિ. નિયાઝ અહમદખાં સહસવાની*

# અલ જવાબ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**الحمد لله وبه نستعين والصَّلاة والسلام على اعظم**

**غوث اكرم ومعين محمد وآله واصحابه اجمعين۔**

**الحمد لله !** આયતે કરીમા પર તો મુસલમાનનું ઈમાન છે, અને હઝરત મૌલાના સઅદી તથા મૌલાના નિઝામી رحمۃ اللہ علیہના જે શેઅરો નકલ કરવામાં આવ્યા તે પણ હક્ક઼ છે, ''પરંતુ વહાબી હક્ક઼ વાતોથી બાતિલ અર્થની સાબિતી ઈચ્છે છે, જે કદાપિ થશે નહીં.'' આયએ કરીમહ **اِنِّىۡ وَجَّهۡتُ وَجۡهِىَ**ને તો આ વિષયથી કોઈ સંબંધ જ નથી. એમાં ઈરાદાના તૌર પર જાણી બુઝીને 'ઈબાદત પ્રત્યે તવજ્જોહ' (ધ્યાન) લઈ જવાનો ઝિક્ર છે, કે 'હું પોતાની ઈબાદતથી તેના તરફ ધ્યાન મગ્ન થાઉં (ઈરાદો રાખું) છું જેણે જમીન તથા આસમાન પૈદા કર્યા.' એ નહીં કે મુત્લક઼ (જેમાં કોઈ બંધન ન હોય) તવજ્જોહ વિશે, જેમાં અંબિયા علیہم السلامતથા અવલિયા رحمۃ اللہ علیہم اجمعینથી મદદ માંગવી પણ દાખલ થઈ શકે. 'જલાલૈન શરીફ'માં આ આયતની તફસીર ફર્માવી છે : **قالواله ماتعبد قال انى وجهت وجهى قصدت بعبادتى۔۔الخ**એટલે કે, ''કાફિરોએ સૈયદના ઈબ્રાહીમ علیہ السلامને કહ્યું, તમે કોને પૂજો છો ? ફર્માવ્યું, હું મારી ઈબાદત દ્વારા એનો ઈરાદો રાખું છું જેણે જમીન તથા આસમાન બનાવ્યા.'' 'જો આયતમાં મુત્લક઼





તવજ્જોહનો હેતુ હોય તો' કોઈના તરફ મોઢું રાખીને વાતો કરવી પણ શિર્ક થાય, નમાઝમાં ક઼િબ્લાની તરફ તવજ્જોહ કરવી પણ શિર્ક થાય, કારણ કે કા'બા પણ ગૈરે ખુદા છે, ખુદા નથી અને ખુદા તઆલાનો ઈર્શાદ **حَيۡثُمَا كُنۡتُمۡ فَوَلُّوۡا وُجُوۡهَكُمۡ شَطۡرَهٗ** (અર્થ) ''જ્યાં પણ હોય પોતાનું મોઢુ ક઼િબ્લાની તરફ કરો.'' મઆઝલ્લાહ (અલ્લાહની પનાહ) શિર્કનો હુકમ આપવો ઠરશે. પરંતુ વહાબીઓને બુધ્ધિ થોડી છે. આયએ કરીમહ **وَاِيَّاكَ نَسۡتَعِيۡنَ** અને સઅદી તથા નિઝામીના મુનાજાત (દુઆ)માં દુઆ મદદ માંગવી તથા મદદે પહોંચવા તથા મદદ કરવા, તથા મદદ ચાહવા (નો મતલબ) તે 'હક઼ીક઼ી મદદ છે જે ખુદા તઆલાના માટે જ છે' (એટલે કે અલ્લાહ સિવાય હક઼ીક઼ી (અસલી) મદદગાર કોઈ નથી) નહીં કે મુત્લક઼નો (એટલે કે અલ્લાહ સિવાય તેની અતાથી પણ કોઈ મદદગાર નથી બની શકતું, એવી કોઈ પાબંદી **وَاِيَّاكَ نَسۡتَعِيۡنَ** મુનાજાત.....વગેરેમાંથી નથી). અને એમાં કોઈ શંકા નથી (બેશક ! યક઼ીનન) કે દરેક કમાલ બલ્કે હસ્તીનું વજૂદ, આ તમામ ચીજોની 'હક઼ીક઼ત' ખાસ ખુદાની બારગાહ માટે જ છે. હક઼ીક઼ી મદદ માંગવી એ છે કે એને ક઼ાદિર બિઝ્ઝાત (કોઈની અતા વગર જાતે પોતે જ શક્તિમાન) તથા માલિકે મુસ્તક઼િલ (કોઈના અતા કર્યા વિના ખૂદ બ ખૂદ માલિક) તથા બેનિયાઝ (બેપરવાહ) ગની (કોઈનો મોહતાજ નહીં તેવો ગની) એ જાણે કે કોઈના અતા કર્યા વગર તે પોતે જ ખૂદ બ ખૂદ આ કામ કરવાની શક્તિ ધરાવે છે. **આ અર્થનો ખુદા સિવાય અન્ય (ગૈરે ખુદા)ની સાથે એ'તેકાદ (યકીન, વિશ્વાસ) રાખવો દરેક મુસલમાનની નજીક શિર્ક છે.** અને કદાપિ કોઈ મુસલમાન ગૈરની સાથે આ અર્થમાં ઈરાદો ધરાવતો નથી, બલ્કે ફયઝ (લાભ) મેળવવા

માટેનો ઝરીયો તથા હાજતો પૂરી કરવા માટેનો વસીલો સમજે છે અને આ યક઼ીનન હક્ક઼ છે. ખૂદ ખુદા તઆલાએ કુર્આનમાં હુકમ ફર્માવ્યો, وَابۡتَغُوۡا اِلَيۡهِ الۡوَسِيۡلَةَ **"અલ્લાહની તરફ વસીલો ઢુંઢો."** આ પરથી સમજાયું કે ગૈરે ખુદાથી મદદ માંગવી કદાપિ اِيَّاكَ نَسۡتَعِيۡنَ ના તે હસ્રની ખિલાફ (ઘેરાવની વિરૂદ્ધ) નથી, જેવી રીતે **હક઼ીક઼ી વજૂદ** એટલે કે **ખૂદ પોતાની જાતથી કોઈના પૈદા કર્યા વિના મૌજૂદ હોવું ખુદા માટે ખાસ છે, પછી તેના સબબથી (દ્વારા) બીજાને મૌજૂદ કહેવું શિર્ક ન થશે, જ્યાં સુધી તે જ હક઼ીક઼ી વજૂદનો અર્થ ન લે.** **حقائق الاشياء ثابتة** (દરેક વસ્તુઓની હકીકતો સાબિત છે.) પહેલો અક઼ીદો મુસલમાનોનો છે. તે જ મુજબ હક઼ીક઼ી ઈલ્મ કે જે પોતાની જાતથી (સ્વંય) કોઈના અતા કર્યા વગર હોય અને હક઼ીક઼ી તઅલીમ કે જે પોતે પોતાની જાતે બીજાની મોહતાજગી વગર (કોઈના પર આધાર  રાખ્યા વિના) ઈલ્મ શિખવાડે, આ ખુદા માટે ખાસ છે. પછી બીજાને આલિમ કહેવું અથવા તેનાથી ઈલ્મ પ્રાપ્ત કરવો શિર્ક થશે નહીં, જ્યાં સુધી તે જ અસલી અર્થનો હેતુ ન હોય. ખૂદ ખુદા તઆલા કુર્આન શરીફમાં પોતાના બંદાઓને અલીમ તથા ઉલમા ફર્માવે છે અને હુઝૂર ﷺ બારામાં ઈર્શાદ ફર્માવે છે, يُعَلِّمُهُمُ الۡكِتٰبَ وَالۡحِكۡمَةَ (અર્થ) "આ નબી તેઓને કિતાબ અને હિકમતનો ઈલમ અતા કરે છે." આ જ સ્થિતિ મદદ માગવા તથા ફરિયાદ રસી (મદદે પહોંચવવા)ની છે, કે તેની 'હક઼ીક઼ત' ખાસ ખુદા માટે છે અને 'વસીલાના રૂપે' ગૈરે ખુદાના માટે સાબિત અને યક઼ીનન જાઈઝ છે. 'બલ્કે આ અર્થ તો ગૈરે ખુદા માટે જ ખાસ છે. અલ્લાહ તઆલા વસીલો કે ઝરીયો બનવાથી પાક છે.' એનાથી વધીને કોણ છે કે તે (ખુદા) તેની





તરફ વસીલો બને ? અને તેના (ખુદા) સિવાય હક઼ીક઼ી હાજતરવા (હાજત પૂરી કરનાર) કોણ છે કે તે (ખુદા) દરમ્યાનમાં વસીલો બની શકે ? અને જેમ કે હદીષમાં છે કે જ્યારે એક અઅરાબી (ગામડીયા)એ હુઝૂર ﷺથી અર્ઝ કરી કે, "યા રસૂલુલ્લાહ ! અમે હુઝૂરને અલ્લાહની તરફ શફીઅ (સિફારશી) બનાવીએ છીએ અને અલ્લાહને હુઝૂર સમક્ષ શફીઅ લાવીએ છીએ." હુઝૂર ﷺને આ સાંભળી દિલે સખત સદમો પહોંચ્યો. ઘણીવાર સુધી 'સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! ફર્માવતા રહ્યા. પછી ફર્માવ્યું :–

**ويحك اِنَّهٗ لا يستشفع بالله علىٰ احدشان الله اعظم من ذالك**

"અરે નાદાન ! અલ્લાહને કોઈની સમક્ષ (રૂબરૂ) સિફારશી તરીકે નથી લાવતા કારણ કે અલ્લાહ પાકની શાન તેનાથી ખૂબ જ મહાન છે." અને અબૂ દાઊદે હઝરત ઝુબૈર ઈબ્ને મુતઅમ رضی اللہ عنہથી રિવાયત કરી.

મુસલમાનો અંબિયા عَلَيۡهِمُ السَّلَامُ તથા અવલિયા رحمۃ اللہ علیہم اجمعینથી આ જ ઈસ્તેઆનત (મદદ હાંસલ) કરે છે. અને જો તે જ ઈસ્તેઆનત અલ્લાહ તઆલાથી કરે તો અલ્લાહ અને તેનો રસૂલ (ﷺ) ગઝબ ફર્માવે અને તેને ખુદા તઆલાની શાનમાં બેઅદબી ઠરાવે. અને હક્ક઼ તો એ છે કે 'આ ઈસ્તેઆનતનો અર્થ યક઼ીનની સાથે ખુદા પાકના માટે કરે તો કાફિર થઈ જશે." પરંતુ વહાબીઓની બદઅકીદગીને શું કહીએ ન અલ્લાહ તઆલાની અદબ ન રસૂલે ખુદાનો ખૌફ, ન ઈમાનનો લેહાઝ ! વિના કારણ આ ઈસ્તેઆનતને اِيَّاكَ نَسۡتَعِيۡنَમાં દાખલ કરીને કે જે અલ્લાહ તઆલા માટે યક઼ીનન મુહાલ (અશક્ય) છે તેને અલ્લાહ તઆલાથી ખાસ કરી દે છે.

એક મૂર્ખ વહાબીએ કહ્યું હતું, ''વો ક્યા હય જો નહીં મિલતા ખુદાસે, જિસે તુમ માંગતે હો અવલિયાસે ?'' (અર્થ : એ શું છે જે નથી મળતું ખુદાથી, જેને તમે માંગો છો અવલિયાથી ?) તો ફકીર (આ'લા હઝરત رضی اللہ عنہ)એ કહ્યું, ''તવસ્સુલ કર નહીં સકતે ખુદાસે, ઉસે હમ માંગતે હય અવલિયાસે.'' એટલે કે એ નથી થઈ શકતું કે **ખુદાને** વસીલો કરીએ કે **તેને** કોઈની સમક્ષ વસીલો કે ઝરીયો બનાવીએ તેથી આ વસીલો બનવાને માટે અમે અવલિયાએ કિરામથી માગીએ છીએ કે તેઓ ખુદાની બારગાહમાં અમારો વસીલો તથા ઝરીયો તથા હાજત પૂરી કરવા માટેનો વાસ્તો થઈ જાય. તે મૂર્ખાઈના સવાલનો જવાબ ખુદા તઆલાએ આ આયએ કરીમામાં આપ્યો :–

**وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْا اَنْفُسَهُمْ جَآءُ وْكَ فَاسْتَغْفَرُ وْا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوْا اللّٰهَ تَوَّا بًا رَّحِيْمًا۔**

''અને જ્યારે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે એટલે કે ગુનાહ કરે, અને તારી સમક્ષ હાજર થાય અને અલ્લાહથી માફી ચાહે અને રસૂલ તેઓના માટે માફી માંગી તો બેશક ! અલ્લાહને તૌબા કુબૂલ કરવાવાળો મહેરબાન પામશે.'' **શું અલ્લાહ તઆલા જાતે પોતે બખ્શી શકતો ન હતો ? તો પછી આમ શા માટે ફર્માવ્યું કે, હે નબી ! તમારી સમક્ષ હાજર થાય અને તમે અલ્લાહથી તેમની બખ્શિશ ચાહો તો તેઓ દૌલત તથા નેઅમત પામશે.** (બસ !) એ જ અમારો મતલબ છે જે કુર્આનની આયત સાફ સાફ ફર્માવી રહી છે. 'પરંતુ વહાબીઓ તો અક્કલ વિહોણા છે !

**ખુદારા ઈન્સાફ કરો !** જો આયએ કરીમહ **اِيَّاكَ نَسْتَعِيْنَ**માં





મુત્લક્ ઈસ્તેઆનતનો ઝાતે ઈલાહીમાં હસ્ર મક્સૂદ હોય (ભાવાર્થ : **આ આયતનો જો ખુદા સિવાય બીજા કોઈ ઝરીયા કે વસીલાથી મદદ માંગી જ ન શકાય, તદ્દન ન માંગી શકાય એવો હેતુ હોય) તો શું એકલા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام થી જ ઈસ્તેઆનત (મદદ મેળવવી) શિર્ક થશે ? શું એકલા આ જ ગૈરે ખુદા છે ? અને બધી વ્યક્તિઓ તથા વસ્તુઓ વહાબીઓની નજીક ખુદા છે ? અથવા આયતમાં ખાસ એમનાં નામ આવેલાં છે કે તેમનાથી (અંબિયા, અવલિયાથી) માંગો તો શિર્ક અને બીજાઓથી જાઈઝ ?!** નહીં ! નહીં ! જો મુત્લક્ન ખુદાથી તખસીસ (એટલે કે કતઈ તૌર પર ખુદા માટે જ ખાસ બીજો કોઈ પણ ઝરીયો, વસીલો સદંતર થઈ શકે જ નહીં) અને ગૈરથી શિર્ક ઠરે તો ગમે તેવી (કોઈ) પણ ઈસ્તેઆનત (મદદ ચાહવી) કોઈ પણ ગૈરે ખુદાથી કરવામાં હમેશાં, દરેક રીતે શિર્ક જ થશે. ભલે પછી તે ઈન્સાન હોય અથવા જમાદાત (ધાતુ, પથ્થર વગેરે), જીવંત હોય કે મુડદાં, (કોઈપણ) ઝાત હોય કે સિફતો, કાર્યો હોય અથવા હાલતો, બધું જ ગૈરે ખુદામાં દાખલ છે. હવે શું જવાબ છે આયએ કરીમાનો ? કે ખુદા તઆલા ફર્માવે છે, **وَاسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ** ''મદદ ચાહો સબર અને નમાઝથી.'' શું સબર ખુદા છે જેનાથી ઈસ્તેઆનતનો હુકમ થયો ? શું નમાઝ ખુદા છે જેનાથી મદદ ચાહવાનો ઈર્શાદ થયો ?

બીજી આયતમાં ફર્માવે છે, **وَتَعَاوَنُوْ عَلَى الْبِرِّ وَالتَّقْوٰى** ''આપસમાં એકબીજાની મદદ કરો ભલાઈ અને પરહેઝગારી પર.'' કેમ સાહેબ ! જો ગૈરે ખુદાથી મદદ લેવી સદંતર અશક્ય છે તો ખુદાના આ હુકમનો અર્થ શું ? અને જો શક્ય છે (મદદ લઈ

શકાય) તો જેનાથી મદદ મળી શકે છે તેનાથી મદદ માંગવામાં શું ઝહેર ધોળાઈ ગયું ?

હદીષોની તો ગણત્રી જ નથી. સંખ્યાબંધ હદીષોમાં સાફ સાફ હુકમ છે કે સવારની ઈબાદતથી મદદ ચાહો, રાતની ઈબાદતથી ઈસ્તેઆનત (મદદ હાંસિલ) કરો, રાતના છેલ્લા પહોરની ઈબાદત (તહજ્જુદ વગેરે)થી ઈસ્તેઆનત કરો, બપોરના સૂવા (કયલુલા)થી તથા સદકાથી ઈસ્તેઆનત કરો, ઔરતોને તેમની બેપર્દગી ન થાય એટલા માટે તેમને ઘરોમાં બેસાડીને તેમને પર્દામાં રહેવા માટે ઈસ્તેઆનત કરો, (કોઈની) હાજતો પૂરી કરવામાં હાજતો ન છુપાવીને ઈસ્તેઆનત કરો. શું આ બધી વસ્તુઓ વહાબીઓના ખુદા છે કે તેમનાથી ઈસ્તેઆનતનો હુકમ આવ્યો ? આ હદીષો ખયાલમાં ન હોય તો મારી પાસેથી સાંભળો !

**(૧)** અબૂ હુરૈરહ رضی اللہ عنہ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે, "સવાર, રાત અને રાતના આખરી પહોરની ઈબાદતથી મદદ ચાહો." *(બુખારી, નિસાઈ)*

**નોંધ : મૂળ ઉર્દૂ કિતાબમાં હદીષો અરબીમાં આપેલી છે. આપણી આ કિતાબના પેજીસ વધી ન જાય તેથી હવે મોટા ભાગે ફક્ત અનુવાદ રજૂ કરવામાં આવ્યો છે તથા આ કિતાબમાં કૌંસ કરી જે લખાણ અવાર નવાર આવે છે તે પણ સમજવા માટે જ છે, મૂળ કિતાબમાં એ પ્રમાણે નથી. –*અનુવાદક*)**

**હદીષ નં. ૨ અને ૩ :** તિર્મિઝીએ હઝરત અબૂ હુરૈરહથી, હકીમ તિર્મિઝીએ ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી રિવાયત કરી છે કે, લખી (લઈ)ને તમારી





યાદ શક્તિને મદદ કરો. *(તિર્મિઝી)*

**હદીષ નં. ૪ :** ઈબ્ને માજહ, હાકિમ અને તિબરાનીએ અલકબીરમાં અને બયહકીએ 'શોઅબુલ ઈમાન'માં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે સેહરી (ના ભોજન)થી દિવસના રોઝા માટે કયલૂલા (બપોરે સુન્નત તરીકા મુજબ સૂવા)થી રાતની ઈબાદત માટે ઈસ્તેઆનત કરો. *(ઈબ્ને માજહ)*

**હદીષ નં. ૫ :** દયલમીએ મુસ્નદે ફિરદૌષમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી મરફુઅન (જે હદીષના રાવિઓનો ક્રમ હુઝૂર صلی اللہ علیہ وسلم સુધી પહોંચ્યો હોય) રિવાયત કરી કે રિઝક (રોજી) માટે સદકાથી મદદ હાંસલ કરો. *(દયલમી)*

**હદીષ નં. ૬ :** ઈબ્ને અદીએ 'કામિલ'માં અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત કરી, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ઔરતોને (એટલે કે વધુ કપડાં ન પહેરાવતાં ઓછા કપડાં પહેરાવીને) રાખીને મદદ ચાહો. (તેમને ઘરે બેસવા માટે કારણ કે જ્યારે કોઈ ઔરતની પાસે કપડાં વધુ થઈ જાય છે અને તે શણગાર વધુ કરી લે છે તો તેને ઘરથી બહાર નીકળવાનું મન થાય છે.)

**હદીષ નં. ૭ થી ૧૦ :** તિબ્રાનીએ કબીરમાં ઓકયલી અને ઈબ્ને અદી અને અબૂ નુઐમથી, હિલીયહમાં અને બયહકીએ શોઅબમાં મઆઝ ઈબ્ને જબલથી, **(૮)** અને ખતીબે ઈબ્ને અબ્બાસ અને **(૯)** ખલઈએ પોતાના 'ફવાઈદ'માં અમીરુલ મોઅમેનીન અલી رضی اللہ عنہ થી અને **(૧૦)** ખરાઈતીએ 'એઅતેલાલુલ કુલૂબ'માં ઉમર ફારૂક رضی اللہ عنہ થી મરફુઅન રિવાયત કરી કે મકસદોમાં કામયાબી માટે (મકસદ) છુપાવવાથી

મદદ હાંસલ કરો. (એટલે કે મક઼સદો જાહેર કરીને.)

ઉપરોક્ત **૧૦ હદીષો** તો અફઆલ (કાર્યો) દ્વારા ઈસ્તેઆનત (મદદ ચાહવા)ના વિશે થઈ. હવે ૨૦ હદીષો વ્યક્તિઓથી મદદ હાંસલ કરવાના વિશે જોઈ લેશો જેથી ૩૦ હદીષોની સંખ્યા પૂર્ણ થાય.

**હદીષ નં. ૧૧** : અહમદ તથા અબૂ દાઊદ તથા ઈબ્ને માજહ સહીહ સનદ સાથે ઉમ્મુલ મોઅમેનીન સિદ્દીક઼ા رضی اللہ عنہا થી રિવાયત કરે છે, હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે, **اِنَّا لا نستعین بمشرك** "અમે કોઈ મુશ્રિકથી મદદ હાંસલ નથી કરતા." જો મુસલમાનોથી મદદ ચાહવી પણ નાજાઈઝ હોત તો મુશ્રિકનો ખાસ ઉલ્લેખ શા માટે ફર્માવવામાં આવત ? અને એટલા માટે અમીરુલ મોઅમિનીન ઉમર ફારૂક઼ رضی اللہ عنہ પોતાના એક નસરાની (ક્રિશ્ચન) ગુલામ વષીક નામવાળાથી કે જે દુન્યવી તૌર (દુનિયાવી રીતે)નો અમાનતદાર હતો, ઈર્શાદ ફર્માવતા (હતા), **اَسْلِمْ اَسْتَعِنْ بِكَ عَلٰی اَمَانَةِ الْمُسْلِمِیْنَ** "તું મુસલમાન થઈ જા જેથી હું મુસલમાનની અમાનત પર તારાથી મદદ હાંસલ કરું." તે માનતો નહીં ત્યારે ફર્માવતા, "અમે કાફિરોથી ઈસ્તેઆનત કરીશું નહીં."

**હદીષ નં. ૧૨** : ઈમામ બુખારી 'તારીખ'માં હબીબ ઈબ્ને યસાફ رضی اللہ عنہ થી રિવાયત કરે છે. હુઝૂરે અક઼દસ ﷺ ફર્માવે છે: **اَنَا لا نستعین بالمشرکین علی المشرکین۔ ورواہ الامام احمد ایضًا** "અમે મુશ્રિકોથી મુશ્રિકો પર ઈસ્તેઆનત નથી કરતા." (એટલે કે અમે મુશ્રિકોથી મુશ્રિકો પર ફતહ અથવા અન્ય બાબત માટે મદદ નથી ચાહતા.)





**હદીષ નં. ૧૩** : સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમ વ સુનને નિસાઈમાં છે, અરબના કેટલાક કબીલાઓએ હુઝૂરે અક઼દસ ﷺ થી મદદ ચાહી, હુઝૂરેવાલાએ મદદ અતા ફર્માવી. (હદીષનો અર્થ) : "અનસ رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરે છે કે આપની ખિદમતમાં રિઅલઝકવાન, અસીયહ અને બનૂ લેહયાન આવ્યા, અને ઈસ્લામના દાવા સાથે હુઝૂર ﷺ થી પોતાની ક઼ૌમ માટે મદદ ચાહી, આપે તેઓની મદદ ફર્માવી.

**હદીષ નં. ૧૪** : સહીહ મુસ્લિમ તથા અબૂ દાઉદ તથા ઈબ્ને માજહ તથા મોઅજીમ કબીર, તિબ્રાનીમાં રબિયહ ઈબ્ને કઅબ અસ્લમી رضی اللہ عنہ થી છે. હુઝૂરે પુરનૂર સૈયદુલ આલમીન ﷺ એ(રબિયહ ઈબ્ને કઅબને) ફર્માવ્યું, "માંગ શું માંગે છે હું તને અતા ફર્માવીશ." અર્ઝ (રબિયહએ) કરી, **હું 'હુઝૂરથી સવાલ કરું છું કે જન્નતમાં હુઝૂરનો સંગાથ અતા ફર્માવો.'** હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "વધુ કાંઈ !" અર્ઝ કરી કે બસ ! મારી મુરાદ તો આ જ છે.' ફર્માવ્યું, "મારી મદદ કર પોતાના નફસ પર સિજદાઓની કસરતથી (વધુ પ્રમાણમાં સિજદાઓ કરીને). (હદીષનો અર્થ) : "તેમણે (હઝરત રબિયહ) કહ્યું કે હું રાત હુઝૂર ﷺ ની સાથે જ પસાર કરતો હતો. હુઝૂર ﷺ ના વુઝૂ અને કઝાએ હાજત (હાજત પૂરી કરવા) માટે પાણી લાવ્યો તો આપે ફર્માવ્યું, "માંગો" અને તિબ્રાનીમાં આ પ્રમાણે છે કે આપે એક દિવસ ફર્માવ્યું, "હે રબિયહ ! મારાથી માંગો, તમને અતા ફર્માવીશ." મુસ્લિમ શરીફમાં છે, પછી મેં (હઝરત રબિયહએ) અર્ઝ કરી, જન્નતમાં આપનો સંગાથ ઈચ્છું છું. આપે ફર્માવ્યું, "બીજુ કાંઈ ?" મેં અર્ઝ કરી, બસ આટલુ જ. આપે ફર્માવ્યું, "તો તમે મારી મદદ કરો પોતાની ઉપર સિજદાઓની કસરતથી

(વધુ પ્રમાણમાં સિજદાઓ કરીને).

અલ્હમ્દુલિલ્લાહ ! આ મહાન (જલીલ) તથા ઉમદા સહીહ હદીષ પોતાના દરેકે દરેક વાક્યથી વહાબિયત તોડ છે. હુઝૂર ﷺએ 'અઈન્ની' ફર્માવ્યું કે મારી મદદ કર ! તેને ઈસ્તેઆનત (મદદ હાંસલ કરવી) કહે છે. એ પણ બાજુએ રાખીએ હુઝૂર ﷺએ મુત્લક઼ (કશી પાબંદી વગર) રીતે 'સલ' ફર્માવ્યું કે, ''માંગ શું માંગે છે ?'' વહાબીયતની જાન (છાતી) પર કેવો પહાડ છે ! જેનાથી સાફ જાહેર થયું કે હુઝૂર દરેક પ્રકારની હાજત પૂરી ફર્માવી શકે છે. દુનિયા તથા આખેરતની બધી મુરાદો હુઝૂરના ઈખ્તિયારમાં છે. ત્યારે જ તો કોઈ પણ બંધન કે સીમા બતાવ્યા વગર ફર્માવ્યું, ''માંગ શું માંગે છે ?''

શયખ અબ્દુલહક્ક઼ મોહદ્દિષ દહેલ્વી رحمة الله عليه શરહે મિશ્કાત શરીફમાં આ હદીષની નીચે ફર્માવે છે, ''અઝ ઈતલાકે સવાલ કે ફરમુદ 'સલ' બખ્વાહ તખસીસ ન કર્દ. બમતલુબીએ ખાસ મઅલૂમ મી શવદ કે કારે હમા બ દસ્તે હિમ્મતો કરામતે ઓસ્ત ﷺ હરચે ખ્વાહદ વ હર કેરા બે ઈઝને પરવરદિગાર ખૂદ બદહદ'' સવાલ મુત્લક઼ (બિનશર્તી) છે, 'સલ' એટલે માંગ. કોઈ વસ્તુનો ઉલ્લેખ જ નથી (કે આ માંગ કે તે માંગ) જેથી જાણ થઈ જાય કે બધાં કામો હુઝૂરના જ ઈખ્તિયારમાં છે. જે કાંઈ આપ ચાહે જેને ચાહે ખુદાના હુકમથી અતા ફર્માવી દે.

**શેઅર :** (અર્થ) : કારણ કે દુનિયા અને આખેરત આપની સખાવતથી છે. અને લોહો કલમનો ઈલ્મ આપના ઈલ્મોમાંનો એક અંશ (ટુકડો) છે.

અલ્લામહ અલી ક઼ારી رحمة الله عليه મિશ્કાતમાં ફર્માવે છે,





''યુઅખઝો મિન ઈત્લાકેહી ﷺ લાઅમ્ર બિસ્સુવાલે અન્નલ્લાહ તઆલા મકન્નહુ મિનઅઅતાએ કુલ્લેમા અરાદ મિન ખઝાએનિલ હક્ક઼'' અર્થ : હુઝૂરે અક઼દસ ﷺએ જે માંગવાનો મુત્લક઼ (અબાધિત) હુકમ આપ્યો તેનાથી ફલિત થાય છે કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને કુદરત (શક્તિ) અર્પી છે કે અલ્લાહના ખઝાનાઓમાંથી જે કાંઈ ચાહે અતા ફર્માવે,'' વધુમાં લખ્યું, એટલે કે, ઈમામ ઈબ્ને સબઅ વગેરે ઉલમાએ હુઝૂર ﷺની 'ખસાઈસે કરીમા' (મુબારક વિશિષ્ટતાઓ)માં ઉલ્લેખ કર્યો છે કે જન્નતને ખુદા તઆલાએ હુઝૂર ﷺની જાગીર બનાવી દીધી છે, કે તેમાંથી જે ચાહે જેને ચાહે અતા કરે.''

**ઈમામે અજલ સૈયદી ઈબ્ને હજર મક્કી** رحمة الله عليه 'જૌહરે મુનઝ્ઝમ'માં ફર્માવે છે, (અર્થ) **''બેશક ! નબી ﷺ ખુદા તઆલાના ખલીફા છે. ખુદા તઆલાએ પોતાના કરમના ખઝાનાઓ અને પોતાની નેઅમતોના દસ્તરખાન હુઝૂર ﷺના દસ્તે કુદરતના ફર્માબરદાર (અજ્ઞાંકિત) અને હુઝૂર પુરનૂરના હુકમ હેઠળ અને આપના ઈરાદા તથા ઈખ્તિયાર હેઠળ કરેલ છે. જેને ચાહે અતા ફર્માવે છે અને જેને ચાહે નથી આપતા.''** આ વિશેના ખુલાસાઓ અઈમ્મા તથા ઉલ્મા તથા અવલિયા, ઓરફા (આરિફો)ના કથનોમાં હદ્દે તવાતુર પર (એટલે કે આ બધા બુઝુર્ગોએ એટલા પ્રમાણમાં ગવાહીઓ આપેલી છે કે જેમાં કોઈ શંકાને સ્થાન નથી) છે. જે કોઈ તેના પ્રકાશથી ઈમાનની આંખો ઉજ્જવળ (રોશન) કરવા ચાહે ફકીરનો રિસાલો ''સલ્તનતે મુસ્તફા ફી મલકુતે કુલ્લિલ્વરા''ને વાંચે.

હવે જુઓ કે જલીલ (મહાન) હદીષમાં સૌથી વધીને

વહાબિયતની જાન ઉપર આ કેવી આફત કે હુઝૂર صلی اللہ علیہ وسلمના આ ઈર્શાદ પર હઝરત રબિઅહ ઈબ્ને કઅબ (رضی اللہ عنہ)એ હુઝૂર صلی اللہ علیہ وسلم થી જન્નત માંગી ! કે, ''યા રસૂલલ્લાહ ! હું હુઝૂરથી સવાલ કરું છું કે જન્નતમાં આપની સંગતથી બુઝુર્ગી પ્રાપ્ત કરું.'' **વહાબીઓની દ્રષ્ટિએ આ કેવું ઉઘાડું શિર્ક છે !** પણ એની શિકાયત શું થઈ શકે ? હાલમાં જ ફકીર ગોફેરૂલ્લાહે તઆલાએ દિલ્હીના એક સવાલના જવાબમાં એક ઉમદા રિસાલો (પુસ્તિકા) **اكمال الطمة علٰى شرك سُوِّى بالامورالعمة** ''અકમાલિલ્ તામ્મતિ અલા શિર્કી સુવ્વિય બિલ્ઉમૂરિલ્આમ્મહ'' લખ્યો છે. અને અલ્લાહની તૌફીકથી તેમાં ૩૬૦ આયતો, હદીષોથી સાબિતી આપી છે કે વહાબીઓના તરીકા મુજબ અંબિયા હઝરાત તથા ફરિશ્તાઓ (عَلَيْهِمُ السَّلَام) થી લઈને હુઝૂર علیہ الصلوٰۃ والسلام સુધી અને ખૂદ ખુદા તઆલા સુધી મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) કોઈ પણ શિર્કથી બચી શકતા નથી.

**ولاحول ولا قوة الا بالله العلى العظيم**

**હદીષ નં. ૧૫ થી ૨૮ :** ૧૪ હદીષોમાં છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે :–

★ ''ભલાઈ તલબ કરો ખૂબસૂરત ચહેરાવાળાઓની પાસે.''

★ ''નેકી અને હાજતો ખૂબસૂરતોથી માંગો.''

★ ''હાજતો ખુશજમાલ (ખૂબસૂરત)ની પાસે તલબ કરો.''

★ ''જ્યારે નેકી (ભલાઈ) ચાહો તો ખૂબસૂરતોની પાસે તલબ કરો.''

★ ''જ્યારે હાજતો  તલબ કરો તો ખુશ ચહેરાઓની પાસે તલબ કરો.''





★ ''ખુશ જમાલ આદમી જો તારી હાજત પૂરી કરશે તો હસતે મોઢે અને તને પાછો પણ વાળશે તો ખુશ દિલીથી.''

★ ''એને ઈમામ બુખારીએ તારીખમાં, અબૂબક્ર ઈબ્ને અબી દુન્યાએ કઝાએ હવાએજમાં, અબૂ યઅલાએ મુસ્નદમાં, તિબ્રાનીએ કબીરમાં, ઓક઼યલી એ ઈબ્ને અદી અને બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં અને ઈબ્ને આસાકિરે ઉમ્મુલ મોઅમિનીન સિદ્દિક઼ા رضی اللہ عنہاથી અને અબ્દ ઈબ્ને હુમૈદે પોતાની મુસ્નદમાં, ઈબ્ને હબ્બાને ઝોઅફાઅમાં અને ઈબ્ને અદીએ કામિલમાં અને સલફીએ તૌરયાતમાં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ફારૂકથી અને ઈબ્ને અસાકિરે તથા ખતીબે પોતાની તારીખોમાં અનસ ઈબ્ને માલિકથી ''ઈલ્તમેસૂ'' (માંગો) શબ્દ સાથે અને તિબ્રાનીએ અવસતમાં ઓકયલી અને ખરાએતીએ એતેલાલુલ કોલૂબમાં અને બધાએ પોતાના ફવાઈદમાં અને અબૂ સોહેલ અબ્દુસ્સમદ ઈબ્ને અબ્દુર્રહમાન બઝ્ઝારએ પોતાના જુઝમાં અને સાહિબે મેહરવાઈનીયાતએ જાબિર ઈબ્ને અબ્દુલ્લાહથી અને દારકુતનીએ અફરાદમાં ''ઈબ્તુગ'' શબ્દો વડે અને ઓકયલી અને ઈબ્ને અબી દુનિયાએ કઝાએ હવાઈજમાં અને તિબ્રાનીએ અવસતમાં, બીજા બધા અને ખતીબે માલિકના રાવિઓ (કથનકારો)માં અબૂ હુરૈરહથી અને ઈબ્ને નઝઝારએ પોતાની તારીખમાં અમીરૂલ મોઅમિનીન અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી અને તિબ્રાનીએ કબીરમાં, યઝીદ ઈબ્ને ખસીફાએ પોતાના બાપથી અને તેમણે પોતાના દાદા અબી ખસીફાથી ''ઈલ્તમસૂ'' શબ્દ વડે અને ફવાઈદમાં અબૂબક્રથી, અને ખતીબ તથા બધાએ ''ઈલ્તમસૂ'' શબ્દ વડે અને બયહક઼ીએ શોઅબમાં અને

તિબ્રાનીએ કબીરમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી બીજા શબ્દોમાં રિવાયત કરી અને ઈબ્ને અદીએ ઉમ્મુલ મોઅમેનિનથી ત્રીજા શબ્દથી અને તેને ઈબ્ને અદીએ કામિલમાં અને બયહક઼ીએ શોઅબમાં અબ્દુલ્લાહ ઈબ્ને ખરામથી ચોથા શબ્દ વડે, અને અહમદ ઈબ્ને મુનીઅએ પોતાની મુસ્નદમાં હજ્જાઝ ઈબ્ને ઝયદથી પોતાના પિતા યઝીદ કાસમીથી પાંચમા શબ્દ વડે (رضی اللہ عنہ) આ બધી મુસ્નદ (સનદવાળી) હદીષો છે. અને અબૂબક્ર ઈબ્ને અબી શયબહએ પોતાની મુસન્નિફઅ (કિતાબ, કૃતિ)માં ઈબ્ને મુસ્અબ અન્સારથી અને અતાઅથી અને ઝોહરીથી. આ હદીષ મુરસલ (જે હદીષ તાબઈ દ્વારા સહાબીનું નામ છોડી ડાયરેક્ટ હદીષે રસૂલ વર્ણન કરવામાં આવી હોય તે) છે. **ઈમામ મોહક્કિ઼ક જલાલુલ મિલ્લતે વદ્દીન સૂયુતી** رحمۃ اللہ علیہ ફર્માવે છે, **"આ હદીષ મારી પરખમાં હસન (અને) સહીહ છે."**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહ અથવા હઝરત હસ્સાન ઈબ્ને ષાબિત અન્સારી (رضی اللہ عنہما) ફર્માવે છે, "બેશક ! અમે પોતાના નબી صلی اللہ علیہ وسلمને એક વાત ફર્માવતાં સાંભળ્યા કે તે હાજત માંગવાવાળાઓ માટે આશાઈસ (રાહત કેન્દ્ર) છે. ઈર્શાદ ફર્માવે છે કે સવાર એવી રીતે કરો કે હાજતો જેનો ચહેરો અલ્લાહ તઆલાએ ગોરા રંગથી દીપાવ્યો છે" અસ્કરીએ રિવાયત કરી .

**હદીષ નં. ૨૯** : હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે, "ફઝલ (મહેરબાની) મારા રહમદિલ (દયાળુ) ઉમ્મતીઓની પાસે ઢુંઢો તેઓના સાયામાં ચૈન પામશો કે તેમનામાં મારી રહમત છે."





(અર્થ) : "તમારી હાજતો મારા રહમદિલ ઉમ્મતીઓથી માંગો, રોજી પામશો, મુરાદ પામશો."

(અર્થ) : અલ્લાહ ફર્માવે છે ફઝલ મારા રહમદિલ બંદાઓથી માંગો તેમના દામનમાં એશ કરશો કે મેં પોતાની રહમત તેમનામાં રાખી છે."

હદીષ (અર્થ) "એને પહેલા શબ્દથી ઈબ્ને હબ્બાન અને ખરાએતીએ "મકારિમે અખ્લાક઼'માં અને કઝાઈએ મુસ્નદે શહાબમાં અને હાકિમે તારીખમાં અને અબુલ હસન મૂસ્લીએ, અને બીજા શબ્દથી ઓકયલી અને તિબ્રાનીએ અવસતમાં અને ત્રીજા શબ્દથી ઓકૈલીએ, બધાએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી.

**હદીષ નં. ૩૦** : હુઝૂર صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે, (અર્થ) : મારા નરમ દિલ ઉમ્મતીઓથી ભલાઈ તથા એહસાન માંગો, એમની ઈનાયત (મહેરબાની)ના સાયામાં આરામ કરશો. આ હદીષને હાકિમે પોતાની કિતાબ મુસ્તદરકમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી.

**ઈન્સાફની આંખો ક્યાં છે ?** જરા ઈમાનની નિગાહોથી જુએ, આ ૧૬ બલ્કે ૧૭ હદીષો કેવું સાફ તથા ઉઘાડું ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પોતાના નેક ઉમ્મતીઓથી મદદ હાંસિલ કરવા, તેમનાથી હાજતો માંગવા, તેમનાથી ભલાઈ તથા એહસાન પ્રાપ્ત કરવાના હુકમ આપ્યો કે તે તમારી જરૂરીયાતો ખુશ ચહેરે પૂરી કરશે. તેમનાથી રોજી માંગો તો રોજી પામશો, મુરાદો પામશો, તેમની મદદના દામનમાં ચૈન (આરામ) કરશો. તેમની ઈનાયતના સાયામાં એશ કરશો.

**યા અલ્લાહ** ! તો પછી મદદ હાંસલ કરવી બીજી કઈ

ચીજનું નામ છે ? એનાથી વધીને બીજી કઈ રીતે મદદ હાંસિલ થતી હશે ? **તો પછી અવલિયા હઝરાતથી વધીને કયો ઉમ્મતી નેક તથા રહમદિલ હશે કે આ લોકોથી મદદ હાંસલ કરવી શિર્ક ઠરાવીને તેમનાથી (બીજાઓથી) હાજતો માંગવાનો હુકમ આપવામાં આવે ?** અલ્હમ્દોલિલ્લાહ ! સત્યના સૂરજ ઉપરનો પડદો હટી ગયો અને તે ઝગમગી ઉઠયો. પરંતુ, વહાબીઓનું કરમ (નસીબ) ફૂટેલુ છે કે આ એશ, ચૈન, આરામ, ભલાઈ, બરકત, રહમતનો સાયો તથા દામને રાફત (આરામના દામન)માં તેમનો હિસ્સો કયાંથી ? જેના તરફ મહેરબાન ખુદા તથા મહેરબાન રસૂલ صلى الله عليه وسلم પોતાના ઉમ્મતીઓને બોલાવી રહ્યા છે !

વલહમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન ૩૦ હદીષોનો વાયદો અલ્લાહની મહેરબાનીથી પૂરો થયો આખરમાં વહાબિયતને કતલ કરવાવાળી ત્રણ હદીષો વધુ સાંભળતા જાવ એટલા માટે કે એકી સંખ્યા અલ્લાહ તઆલાને વધુ પસંદ છે.

**હદીષ નં. ૩૧** : હુઝૂર صلى الله عليه وسلم ફર્માવે છે કે, (અર્થ) : "જ્યારે તમારામાંથી કોઈની કશી ચીજ ખોવાઈ જાય અને મદદ ચાહે અને એવી જગ્યાએ હોય જ્યાં કોઈ હમદમ (સાથી) ન હોય તો તેણે જોઈએ કે **આ પ્રમાણે પોકાર કરે, હે અલ્લાહના બંદાઓ મારી મદદ કરો ! હે અલ્લાહના બંદાઓ મારી મદદ કરો ! હે અલ્લાહના બંદાઓ મારી મદદ કરો ! કે અલ્લાહના કેટલાક બંદાઓ છે જે તે નથી જોઈ શકતો તેઓ તેની મદદ કરશે,** વલહમ્દુલિલ્લાહ ! આને તિબ્રાનીએ ઉતબહ ઈબ્ને ગઝવાન رضى الله عنه થી રિવાયત કરી.





**હદીષ નં. ૩૨** : હુઝૂર صلى الله عليه وسلم ફર્માવે છે કે જ્યારે જંગલમાં જાનવર છૂટી જાય તો એવો પોકાર કરે કે : **فلينا دياعبادالله احبسوا** "હે અલ્લાહના બંદાઓ ! રોકી દો !" અલ્લાહના બંદાઓ તેને રોકી દેશે. ઈબ્નુસ્સન્નીએ અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضى الله عنه થી રિવાયત કરી.

**હદીષ નં. ૩૩** : હુઝૂર صلى الله عليه وسلم ફર્માવે છે કે, આ પ્રમાણે પોકાર "અયનૂની યા એબાદલ્લાહ" (અર્થ) "મદદ કરો હે અલ્લાહના બંદાઓ !" એને ઈબ્ને અબી શયબા અને બઝઝારે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضى الله عنهما થી રિવાયત કરી.

આ હદીષો કે જે ત્રણ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ રિવાયત ફર્માવી, કદીમ (જૂના જમાના)થી દીનના મહાન ઉલ્માઓ (રહમહિમુલ્લાહો તઆલા)ની મકબૂલ (સ્વીકૃત) તથા એમણે એના પર અમલ પણ કર્યો અને દર્શાવ્યા મુજબની અનુભવી પણ છે.

આ મહાન મતલબની થોડી તફસીલ અને જબરદસ્ત શાનો શૌકતવાળી હદીષોની હુઝૂરીમાં વહાબીઓનો ઝબહ કરેલ જાનવર જેવો હાલ જોવો હોય તો ફકીરનો રિસાલો (પુસ્તિકા) "અન્હારુલ અન્વાર મિનયમ્મે સલાતિલ અસરાર"નો અભ્યાસ કરશો. અને એથી પણ વિશેષ આ હઝરાત (વહાબીઓ)ની ખરાબ દશા જોવી હોય તો હદીષે અજલો આ'ઝમ (ખૂબ મહાન હદીષ), "યા મુહમ્મદ ! ઈન્ની તવજ્જહતુ બિક ઈલા રબ્બી........છેવટ સુધી." મદદ માંગવા (ઈસ્તેઆનત) વિશેની તમામ અઝીમતરીન હદીષોમાં સહીહ તથા જલીલ (મહાન) અને સુવિખ્યાત હદીષ છે. જેના વડે અઈમ્માએ દીન મદદ હાંસલ કરવા વિશેના મસ્અલામાં દલીલો રજૂ કરે છે. પણ અહીં લખાણ લાંબુ થવાના

ખૌફથી ઉલ્લેખ કરી નથી.

હવે રહ્યા અકવાલે ઉલ્મા (આલિમોના કથનો), તેમનું નામ (અક઼વાલે ઉલ્માનું) લેવું તો વહાબી સાહેબોની મોટી હયાદારી (શરમનું કામ) છે ! ઉલ્માએ એહલે સુન્નત, અઈમ્માએ મિલ્લતના સેંકડો કથનો ન ફક્ત એકવાર બલ્કે ઘણીવાર, ન ફક્ત એક કે અડધો રિસાલો (પુસ્તિકા) બલ્કે **એહલે સુન્નતની પુષ્કળ કિતાબો (કૃતિઓ)માં તે હઝરાત (વહાબીઓ) સમક્ષ રજૂ થઈ ચૂકી, તેઓ જોઈ ચૂક્યા, સાંભળી ચૂક્યા, તપાસી ચૂક્યા અને જેના જવાબ આપવાથી આજ સુધી લાચાર અને આજિઝ છે અને ખુદાની કુદરતથી ક઼યામત સુધી લાચાર અને આજિઝ રહેશે.** પણ જેની આંખોનું પાણી નીકળી જવાથી અંધાપો ભોગવતા હોય તેનો શું ઈલાજ ? કે હજી પણ ઉલ્માના અક઼વાલનું નામ લેવામાં આવે છે ! એટલે કે, હજાર વખતે માર્યો તો ભલે માર્યો હવે મારે તો જાણીએ (માનીએ) ! સુબ્હાનલ્લાહ !

## ★ ઉલ્માનાં કથનો ★

**'શિફાઉસ્સિકામ'** ઈમામ અલ્લામહ મુજતહિદે ફહામા સૈયદી તકીઉલ મિલ્લતે વદ્દીન અલી ઈબ્ને અબ્દુલ કાફી અને **''કિતાબુલ અઝકાર''** ઈમામે અજલો અકમલ સૈયદી અબૂ ઝકરિયા નવવી અને **'અહયાઉલ ઉલૂમ'** વગેરે મહાન મહાન કિતાબો ઈમામુલ અનામ હુજ્જતુલ ઈસ્લામ કુતબુલ વજૂદ મુહમ્મદ ગિઝાલી અને '**રવઝુર્રિયાહીન** તથા **ખુલાસતુલ મફાખિર** તથા **નશરૂલ મુહાસિન**' વગેરે મહાન કૃતિઓ ઈમામે અજલો અકરમ આરિફ બિલ્લાહ ફકીહ મોહક્કિ઼ક઼ અબ્દુલ્લાહ ઈબ્ને અસ્અદ યાફઈ અને **'હિસ્ને**





**હસીન'** ઈમામ શમસુદ્દીન અબૂલ ખૈર ઈબ્ને જઝરી અને **'મુદખિલ'** ઈમામ ઈબ્નુલહાજ મુહમ્મદ અબ્દરી મક્કી અને **'મવાહિબે લદુન્નિયહ'** તથા ''**મિન્હે મુહમ્મદિયહ**'' ઈમામ અહમદ કસ્તલાની અને **'અફઝલુલ કુર્રા ઉમ્મુલ કુર્રા** તથા **જૌહરે મુનઝ્ઝિમ** તથા **'ઓકૂદુલ જમાન'** વગેરે કિતાબો (કૃતિઓ) ઈમામ આરિફ બિલ્લાહ સૈયદી ઈબ્ને હજર મક્કી અને **'મીઝાનુશ્શરીઅહ'** ઈમામે અજલ આરિફ બિલ્લાહ અબ્દુલ વહાબ શઅરાની અને **'હિરઝે ષમીન'** અલ્લામહ અલી ક઼ારી અને **'મજમએ બુહારૂલ અનવાર'** અલ્લામહ તાહિર ફતન્ની અને **'લમ્આતુત્તનકીહ'** તથા **'અશિઅતુલ લમ્આત'** તથા **'જઝબુલ કુલૂબ'** તથા **'મજમઉલ બરકાત'** તથા **'મદારેજુન્નબુવ્વત'** વગેરે કિતાબો શયખુશ્શોયુખ ઉલ્માએ હિંદ અબ્દુલહક્ક઼ મોહદ્દિષ દહેલ્વી અને **'ફતાવાએ ખૈરીયહ'** અલ્લામહ ખૈરૂલ મિલ્લતે વદ્દીન રમલી અને **'મરાકિયુલ ફલાહ'** અલ્લામહ હસન વફાયી શુરન બુલાલી અને **'મતાલેઉલ મુસર્રા'** અલ્લામહ ફાસી અને **'શરહે મવાહિબ'** અલ્લામહ મુહમ્મદ ઝુરકાની અને **'નસીમુર્રિયાઝ'** અલ્લામહ શહાબુદ્દીન ખફફાજી વગેરે અસંખ્ય કિતાબો ઉલ્માએ કિરામ તથા સાદાતે ઈસ્લામ (ઈસ્લામના સરદારો) જેમની તહક઼ીક઼ (સંશોધન) તથા સ્પષ્ટતા તથા સાબિતી તથા ખુલાસા, ઈસ્તિમદાદ (મદદ ચાહવા) તથા એઆનત (મદદ)ના વિશેની અસંખ્ય કિતાબો (કૃતિઓ)થી જમીન તથા આસમાન ગુંજી રહ્યાં છે. જો મુતાલેઅહ (અધ્યયન) કરવાની લિયાકત (નિપૂર્ણતા) ન હતી તો શું (૧) 'તસ્હીહુલ મસાઈલ' તથા (૨) 'સૈફુલ જબ્બાર' તથા (૩) 'બવારિકે મુહમ્મદીયહ' વગેરે ઉમદા કિતાબો એમાદુસુન્નહ મુઈનુલહક્ક઼ હઝરત મૌલાના ફઝલે રસૂલ رحمۃ اللہ علیہની પણ નથી જોઈ ? આ તો

સીધી સાદી ઉર્દૂ ફારસી ભાષામાં ખાસ તમારા જ એબદાર મઝહબની રદમાં લખાઈ અને અલ્લાહની મહેરબાનીથી વારંવાર છપાઈને હક્ક઼ પરસ્તોના, સાચા લોકોના દિલની રાહત અને ખ્વાહિશના બંદાઓ, ગુમરાહ દિલોના માટે ગઝબ છે. અલલ ખુસૂસ કિતાબે જલીલ (૪) **'ફોયુઝે અરવાહે કુદ્સ'** જેમાં ખાનદાને અઝીઝીના સેંકડો સાફ સાફ અક઼વાલ (કથનો) બુરી વહાબિયતની ક઼તલ કરનારા નકલ કરવામાં આવ્યા છે. પણ એવું છે કે, ''બેહયા બાશ આં ચેહ ખ્વાહી કુન'' (બેશરમ થઈજા ને પછી જેમ ફાવે તેમ કર !)

ફક઼ીર ગોફેરૂલ્લાહો તઆલા લહુની લખેલ કિતાબ (૫) 'હયાતુલ મવાત ફી બયાને સિમાઈલ અમ્વાત' (હિ. ૧૩૦૫) તથા રિસાલો (૬) 'અન્હારૂલ અન્વારે મિનય્યમે સલાતિલ અસ્રાર' (હિ. ૧૩૦૫) તથા રિસાલો (૭) 'અન્વારુલ ઈન્તેબાહ ફી હિલ્લે નિદાએ યા રસૂલુલ્લાહ'' (હિ. ૧૩૪૪) તથા રિસાલો (૮) 'અલએહલાલુ લિ ફયઝિલ અવલિયાએ બઅદલ વિસાલ' (હિ. ૧૩૦૩) અને કિતાબ 'અલ અમ્નો વલ ઉલા લનઅ તેયલ સલ્તનતિલ મુસ્તફા ફી મલ્કૂતે કુલ્લિલવરા' (૧૩૯૭) વગેરેમાં કેટલી જગાએ સખ્યાબંધ અઈમ્મા તથા ઉલ્મા તથા અવલિયાએ કિરામના ઈર્શાદો તથા અકવાલ આવેલા છે. અહીંયા તેમના ઉલ્લેખથી લખાણ લંબાવવાની હાજત નથી. અને ખૂદ તે જ લખાણમાં જે અક઼વાલ હઝરત શયખ મોહક્કિ઼ક઼ તથા મૌલાના અલી ક઼ારી તથા ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہم اجمعین હદીષ નં. ૧૪ ની નીચે વર્ણવવામાં આવ્યા, વહાબિયતની ક઼તલ માટે શું કમ છે? પછી વહાબી સાહબની તેનાથી પણ વધીને અંતિમ કક્ષાની બેહયાઈ એ કે ઉલ્માની સાથે સૂફિયાએ કિરામના પાક નામ પણ





લઈ દીધાં ! શું વહાબિયત તથા હયા (શરમ)માં આવો જ વિરોધાભાસ છે કે એક ક્ષણ માટે હયાની કોઈ રજકણ વહાબિયતની સાથે ભેગી નથી હોઈ શકતી ! اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رَاجِعُوْنَ

ઈસ્તેઆનત (મદદ ચાહવા)ના વિષયમાં સૂફિયાએ કિરામના અક઼વાલ, અફઆલ, અહવાલ, આમાલથી દફતરો ભરેલાં છે, દરિયા વહી રહ્યા છે. આ દશ્યની ઉજ્જવળતાનું શું કહેવું ?! **જરા આંખો પર ઈમાની ચશ્મા લગાડીને હઝરત શયખ મોહક્કિ઼ક઼ મૌલાના અબ્દુલહક્ક઼ મોહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ**નો તર્જમએ મિશ્કાત શરીફ મુલાહેઝા થાય** (અભ્યાસ કરો) કે, આ મસ્અલામાં અવલિયાએ કિરામ હઝરાત કુદદેસત અસરારહુમથી શું વર્ણન કરે છે ? ફર્માવે છે :

''આંચેહ મરવી વ મહકી અસ્ત અઝ મશાએખે એહલે કશ્ફ દર ઈસ્તિમદાદ અઝ અરવાહે કોમલ વ ઈસ્તેફાદા અઝાં ખારિજ અઝ હસ્ર અસ્ત. વ મઝકૂરસ્ત દર કુતુબો રસાઈલ ઈશાં વ મશહૂરસ્ત મિયાંને ઈશાં હાજત નેસ્ત કે આંરા ઝિક્રકુનેમ વ શાયદ કે મુન્કિર મુતઅસ્સિબ સુદ ન કુનદ ઉરા કલેમાતે ઈશાં આફાનલ્લાહો મિનઝાલિક.''

''કામેલિન (કામિલ બુઝુર્ગો)ની અરવાહ (રૂહો)થી મદદ હાંસલ કરવા તથા ફાયદો ઉઠાવવાના વિશે કશ્ફવાળા મશાએખોથી જે કાંઈ રિવાયત થયેલ છે તે હસ્રથી ખારિજ છે.'' (એટલે કે તે બધી આયતો એકી સાથે રજૂ કરવી શક્ય નથી) અને જે કાંઈ તેમના રિસાલાઓ તથા કિતાબોમાં વર્ણન થયેલ છે અને તેમના દરમ્યાન મશ્હૂર છે. તેના ઉલ્લેખની જરૂરત નથી.

પછી ભાગ્યે જ કોઈ હઠધર્મી અને મુન્કિરને આનાથી ફાયદો ન થાય, અને ખુદા અમોને હઠધર્મીથી બચાવે.''

અલ્લાહુ અકબર ! તે બેદૌલત મુન્કિરોની બેનસીબી (મેહરૂમી) ત્યાં સુધી પહોંચી કે તે મોટા મોટા ઉલ્મા તથા ઓરફા (આરિફો)ને અવલિયાએ કિરામ હઝરાતના કલેમાતથી તેઓને નફો પહોંચવાની ઉમ્મીદ ન રહી અને ખરેખર એવું જ છે અને માનવામાં ન આવતું હોય તો પરીક્ષા કરી જુઓ, તે હજારો હજાર અગણિત ઈર્શાદોથી. આજમાઈશના રૂપે સાહિબે લૌલાક صلى الله عليه وسلمના અઝીઝ ફરઝંદની એક પાકીઝા વાત રજૂ કરું. બતસ્રીહે આ'ઝમે અવલિયા, સૈયદુલ અવલિયાઓ ઈમામુલ અસ્ફીયાઓ કુતબુલ અકતાબો તાજુલ અફરાદો મરજઉલ અબદાલો મુર્કરઉલ અફરાદ અને મહાન આલિમોના સ્વીકૃત, ઈમામે શરીઅતો સરદારે ઉમ્મતો મોહયુદ્દીનો મિલ્લતો, નિઝામે તરીકતો બહરે હક઼ીક઼તો અયને હિદાયતો દરિયાએ કરામત છે. તે કોણ ? હા ! તે સૈયદુલ અસ્યાદ વાહેબુલ મુરાદ, સૈયદના વ મૌલાના વ મલાઝના વ માવાના, વ ગૌષના, વ ગૈષના, હઝરત કુતબેઆલમો **'ગ઼ૌષે આ'ઝમ સૈયદ અબૂ મુહમ્મદ અબ્દુલક઼ાદિર હસની હુસૈની જીલાની'** સલ્લલાહો તઆલા અલા જદ્દેહીલ ઈકરામ વ અલયહે વઅલા આલેહિ વબારિક વસલ્લિમ અને તે કલામે પાક (પવિત્ર વાણી) ન એવું કે કોઈ જેવા તેવા રિસાલા અથવા ઝબાનો પર મશહૂર હોય બલ્કે અકાબિરો અઝિલ્લએ અઈમ્માએ કિરામો ઉલ્માએ એઝામ જેવા કે ઈમામે અઝલ આરિફ બિલ્લાહ, સૈયદુલ કુર્રા ષીકા ષિબ્તે હુજજતે ફક઼ીહ મોહદ્દિષે રવાયતુલ હઝરતુલ ઉલીયતુલ કાદરિય્યહ સૈયદના ''ઈમામ અબુલ હસન નૂરૂદ્દીન અલી ઈબ્ને જરીર ''લખ્તી શતનૂફી'' તેમજ ઈમામે અકરમ





શયખુલ ફુક઼હા, ફર્દુલ ઓરફા, આલિમે રબ્બાની, હામિલે લિવાએ હિકમતે યમાની, ''સૈયદના ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને અસ્અદ યાફઈ શાફઈ મક્કી'' તેમજ ફાઝિલે અજલ, ફક઼ીહે અકમલ, મોહદ્દિષે અજમલ, શયખુલ હરમુલ મોહતરમ, ''મૌલાના અલી ક઼ારી હન્ફી હરવી મક્કી'' તથા બકિયતુસ્સલફ જલીલુશ્શરફ, સાહિબે કરામાત, આલીઓ બરકાતો મઆલી ''મૌલાના અબુલ મઆલી મુસ્લેમી મઆલી'' તેમજ શયખુશ્શોયુખે ઉલ્માએ હિંદ મોહક્ક઼િક઼ ફક઼ીહ આરિફે નબીયહ ''મૌલાના શયખ અબ્દુહક્ક઼ મોહદ્દિષ દહેલ્વી'' વગેરે વગેરે કુબરાએ મિલ્લતે ઓઝમાએ ઉમ્મત કુદ્દેસનલ્લાહો તઆલા બેઅસ્રારેહિમ વ અફાઝ અલયના મિમ્બરકાતેહિમ વ અન્વારેહિમ (આ મહાન હસ્તીઓ)એ પોતાની લિખીત મહાન, બેહતરીન, વિશ્વાસ પાત્ર, ભરોસા પાત્ર કિતાબો (કૃતિઓ) દા.ત. ''**બહજતુલ અસ્રાર શરીફ**'' તથા ''**ખુલાસતુલ મુફાખિર**'' તથા ''**તન્ઝિહુલ ખાતિરૂલ ફાતિર**'' તથા ''**તોહફાએ કાદરિય્યહ**'' તથા **અખબારૂલ અખ્યાર**'' તથા ''**ઝુબ્દતુલ આસાર**'' વગેરેમાં ઝિક્ર તથા રિવાયત ફર્માવી છે. હુઝૂરે પુરનૂર જિગર પારાએ યવમુન્નુશૂર صلى الله عليه وسلم (એટલે કે **ગ઼ૌષપાક** رضی اللہ عنہ) **ઈર્શાદ ફર્માવે છે,**

(અર્થ) : ''જે કોઈ મુસીબતમાં મારાથી મદદ ચાહે તો તે મુસીબત તેનાથી દૂર થાય. જો કોઈ તકલીફમાં મારું નામ લઈને પોકારે તો તે તકલીફ દૂર થાય. અને જો ખુદા તઆલાની બારગાહમાં કોઈ હાજત માટે મને વસીલો બનાવે તો તે હાજત પૂરી થાય. અને જો બે રકાત નમાઝ પઢે અને દરેક રકાતમાં 'અલ્હમ્દુ' પછી ૧૧ વખત સૂરએ ઈખ્લાસ (કુલહુવલ્લાહ...) પઢે. પછી સલામ ફેરવીને રસૂલુલ્લાહ صلى الله عليه وسلمને યાદ કરે. પછી

બગદાદ શરીફની દિશામાં ૧૧ કદમ ચાલે અને મારું (ગૌષે પાકનું) નામ લે અને પોતાની હાજતનો ઉલ્લેખ કરે, તો બેશક ! અલ્લાહ તબારક વ તઆલાના હુકમથી તે હાજત પૂરી થાય.''

(ત્યાર પછી આ'લા હઝરત رضی اللہ عنہએ અરબીમાં દુઆ લખેલી છે જેનો અનુવાદ વાંચો. –*અનુવાદક*)

''બંદો (એટલે કે આ'લા હઝરત) કહે છે, હે મારા સરદાર અને આકા (માલિક) ! અલ્લાહ આપનાથી રાજી થાય અને તે દરેક વ્યક્તિથી જે આપના માટે હોય અને આપનાથી હોય. તમામ તારીફો (વખાણો) તે ખુદાને લાયક છે જેણે આપને આપના બાપ રહમતે આલમ તથા નેઅમતોના માલિકના વારસદાર બનાવ્યા. અલ્લાહ રહમતો નાઝિલ ફર્માવે આપના બાપ અને આપના પર અને દરેક તે વ્યક્તિ પર જે આપની તરફ મન્સૂબ થયો (નિસ્બત ધરાવે) હોય. તથા બરકતો, બુઝુર્ગીઓ તથા કરામતો નાઝિલ ફર્માવે. – આમીન. આમીન યા અરહમર્રાહિમીન વલ્હમ્દુલ્લિાહિ રબ્બિલ આલમીન.''

હઝરત અબુલ મઆલી رحمۃ اللہ علیہની રિવાયતમાં અલ્ફાઝે કરીમહ (મુબારક શબ્દો) **''કશફતો, ફર્રજતો, કદયતો''** આ કહેનાર (ગૌષે આ'ઝમ)ના શબ્દોથી જાહેર છે. તેઓ તેનો અનુવાદ આ પ્રમાણે ફર્માવે છે,

(ફારસીનો અર્થ) : ''ઉમર બઝઝાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **મેં સાંભળ્યું હઝરતે ગૌષે આ'ઝમ رضی اللہ عنہથી (કે) જે વ્યક્તિ કે કોઈ પરેશાનીમાં મારી મદદ ચાહશે 'કશફતો અન્હો' (દૂર કરી દઈશ હું તેની પરેશાનીને તેનાથી) અને જે વ્યક્તિ કે કોઈ મુશ્કેલીમાં મારું નામ લઈને પોકાર કરશે, 'ફર્રજતો અન્હો' (તો છુટકારો આપીશ હું તેને તે**





**મુશ્કેલીથી) અને જે વ્યક્તિ કે કોઈ હાજતમાં મારા વસીલાથી મદદ ચાહશે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના દરબારમાં 'કદયતો લહુ' (તેની હાજતને હું પૂરી કરીશ)''**

અલ્લામા કારી રિવાયત વર્ણન કર્યા બાદ ફર્માવે છે, (અર્થ) : **''બેશક ! એનો ઘણીવાર અનુભવ કરવામાં આવ્યો અને સાચું સાબિત થયું.** અલ્લાહ તઆલા શયખથી રાજી થાય'' ફકીર ગોફેરલહુએ આ નમાઝ મુબારકની તરકીબ (વિધિ) તથા કેટલા અનોખા બારીક નુકતાઓ (પોઈંટસ) 'અઝહારૂલ અન્વાર મિન સબાએ સલાતિલ અસ્રાર' નામના એક ટૂંકા રિસાલામાં લખે છે. (હિ. ૧૩૦૫) અને તેની દરેક દરેક ક્રિયાની સંપૂર્ણ રીતે સાબિતીને પૂરેપૂરી, દરેક દરેક ભાગની સંખ્યાબંધ હદીષો તથા ઈમામોના અકવાલ તથા શરઈ હુકમોથી સાબિતી આપવા પૂરતો એક સંપૂર્ણ મહાન ફાયદાવાળો ઉમદા રિસાલો 'અન્હારૂલ અન્વાર મિનયમ્મે સલાતિલ અસ્રાર' નામનો લખ્યો. (હિ. ૧૩૦૫) જેની કહેર નાઝિલ કરવાવાળી ખુદાદાદ શાનો શૌકત જોવા લાયક છે. વલ્હમ્દુલિલ્લાહ ! ઈમાનદારીથી કહેશો એ તે જ અવલિયા છે જેમના પર તમે આ જીવતું બોહતાન ઉઠાવો છો, તે જ અવલિયા હઝરાત તો તમોને મુન્કિર તથા દુશ્મન ફર્માવી જ ચૂક્યા છે. તમારા પર અવલિયાના ઈર્શાદની શું અસર થાય ?

કલમની લગામ રોકતાં રોકતાં વાત લાંબી થતી જાય છે થોડાક જરૂરી ફાયદાઓ લખીને પૂર્ણાહુતિ કરવી જોઈએ.

**જરૂરી ફાયદાઓ** : હઝરત ઈમામ સૂફયાન ષૌરી رحمۃ اللہ علیہ કૌલ (કથન)ને નકલ કરવામાં વહાબીએ સિતમકાર સાઝી (જુલ્મી પ્રવૃતિ) કામે લગાડી. અસલ હિકાયત શાહ અબ્દુલ અઝીઝ સાહબની 'ફતહુલ અઝીઝ'થી સાંભળો. લખે છે (અર્થ) 'સૂફયાન

رحمۃ اللہ علیہએ સાંજની નમાઝમાં ઈમામત ફર્માવી. જ્યારે **اِیَّاكَ نَعْبُدُ وَاِیَّاكَ نَسْتَعِیْنُ** "ઈય્યાકનઅબુદુ વ ઈય્યા કનસ્તઈન" પર પહોંચ્યા તો બેહોશ થઈને પડી ગયા. જ્યારે હોશમાં આવ્યા તો લોકોએ જણાવ્યું કે, હે શયખ ! તમોને શું થઈ ગયું હતું ? તો આપે કહ્યું **اِیَّاكَ نَسْتَعِیْنُ** "ઈય્યાકનસ્તઈન" મેં કહ્યું તો ખૌફ થયો કે, મને એ ન કહેવામાં આવે, કે હે જૂઠા ! તો પછી દાકતર (તબીબ)થી દવા શા માટે લઉં છું ? અમીરથી રોજી, બાદશાહથી મદદ શા માટે માંગુ છું ? એટલા માટે કેટલાક ઉલ્માએ ફર્માવ્યું છે કે ઈન્સાને ખુદાથી શરમ રાખવી જોઈએ. પાંચ સમય તેના સમક્ષ ઉભો રહી જુઠ બોલે છે. **પરંતુ અહીં એ સમજી લેવું જોઈએ કે ગયરૂલ્લાહથી એવી રીતે મદદ માંગવી કે તેના પર ભરોસો હોય અને તેને અલ્લાહની મદદનો મઝહર (મદદ જાહેર થવાની જગા) ન જાણવામાં આવે તો હરામ છે, અને જો તવજ્જોહ ખુદા પાકની જ તરફ છે અને તેને અલ્લાહની મદદના મઝહરોમાંથી એક મઝહર (જાહેર થવાની જગા) જાણે છે અને અલ્લાહની હિકમત અને અલ્લાહ તઆલાના કારખાનાએ અસબાબ (સબબોનું કારખાનું) પર નજર કરતાં જાહેરી તૌર પર ગૈરથી મદદ ચાહવી, તો આ ઈરફાનથી દૂર થશે નહીં. અને શરીઅતમાં પણ જાઈઝ અને રવા છે. અને અંબિયા અને અવલિયાએ આવી ઈસ્તેઆનત કરી છે. અને હક઼ીક઼તમાં આ ઈસ્તેઆનત (મદદ માગવું) ગૈરથી નથી બલ્કે આ ખુદા તઆલાથી જ ઈસ્તેઆનત છે."**

વહાબીઓએ જોયું કે હિકાયત જો ખરા અર્થમાં નકલ કરીશું તો વહાબિયતની બધી કલઈ (પોલ) ખુલી જાય છે. તબીબોથી





દવા લેવી, અમીરોથી નોકરી માંગવી, બાદશાહોથી મુકદમા વગેરેમાં રજૂ કરવું બધું જ શિર્ક થઈ જાય છે. જેમાં ખૂદ (પોતે) સંડોવાયેલા છે. એટલા માટે તબીબથી દવા વગેરે શબ્દોની જગ્યાએ આ પ્રમાણે બતાવ્યું કે "ગયરે હક્ક઼થી મદદ માંગુ (તો) મારાથી વધારે બેઅદબ કોણ હશે ?" જેથી જાહિલોને બહેકાવવા તેને ઝબાનના જોર વડે હઝરાતે અંબિયા علیہم السلام તથા અવલિયા رحمۃ اللہ علیہم اجمعینથી ઈસ્તેઆનત પર લાગુ પાડીએ (ફીટ કરીએ) અને પોતે હકીમજીથી દવા કરાવવા, નવાબ રાજાની નોકરીઓ કરવા માટે. જજ ડેપ્યુટીને ત્યાં કેસ લડાવવા માટે (પોતે) બચી જાય. સુબ્હાનલ્લાહ ! ક્યાં તે દુનિયાથી સંપૂર્ણ બેઝારી, અને તદબીર તથા અસબાબને છોડવાનો મકામ જેની તરફ ઈમામ رحمۃ اللہ علیہએ આ ક઼ૌલમાં ઈર્શાદ ફર્માવ્યો. તે એ લોકો માટે ઈશારો ફર્માવ્યો જે એના અહલ (લાયકાતવાળા) હોય કે બીમાર હોય તો દવા ન કરે, જેહાદની ચાલુ લડાઈના અણીના સમયે જો કોરડો હાથમાંથી પડી જાય તો બીજાને ન કહે, પોતે જ ઉતરીને ઉઠાવી લે, અને ક્યાં શરીઅતે મોતહહરાના તે મક઼ામ અને અહકામ જાઈઝ તથા મના તથા શિર્ક તથા ઈસ્લામ ! પણ તે હોશવાળાઓની નજીક દુનિયાથી કમાલ (અંતિમ કક્ષા)ની બેઝારી અને તે શિર્કથી ઉલ્ટી (વિરૂદ્ધ દિશાની) છે કે જે ફક્ત આ આ'લા દરજે પહોંચેલ ન હોય તેને પણ (વહાબીઓ એ) મુશ્રિક ઠરાવ્યો. **اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَیْهِ رَاجِعُوْنَ**

જરા આંખો ખોલીને જુઓ ! **આ હિકાયત પછી શાહ સાહબે કેવો ખુલાસો કરી દીધો કે "ગૈરે ખુદાથી ઈસ્તેઆનત (મદદ ચાહવી) તે જ નાજાઈઝ છે કે જે ગૈરને અલ્લાહની મદદનો મઝહર ન જાણે બલ્કે ખૂદ પોતાની જાતથી જ**

**મદદનો માલિક જાણીને તેના પર ભરોસો કરે. અને જો ખુદાની મદદનો મઝહર સમજીને ગૈરથી ઈસ્તેઆનત કરે છે તો શિર્ક તથા હુરમતને તો જવા દો ! મક઼ામે મઅરેફતથી પણ ખિલાફ નથી. ખૂદ અંબિયા عَلَيْهِمُ السَّلَام તથા અવલિયા હઝરાત رحمۃ اللہ علیہم اجمعین આવી ઈસ્તેઆનત ગૈરથી કરી છે.**

મુસલમાનો ! વહાબીઓના આ જુલ્મો તઅસ્સુબ (જુલ્મ તથા દુશ્મની)નું ઠેકાણુ છે ? કે બીમાર પડે તો દાકતર પાસે દોડે, દવાઓ પર તૂટી પડે, કોઈ મારપીટ કરે તો થાણે જાય, ફરિયાદ લખાવે, ડેપ્યુટી વગેરેને ફરિયાદ કરે, કોઈએ જમીન દબાવી અથવા દસ્તાવેજ મુજબના રૂપિયા ન આપ્યા તો જજ સાહબ મદદ કરજો ! જજ બહાદુર ખબર લે જો ! કેસ કરે, ફરિયાદ કરે. મતલબ કે દુનિયાભરની મદદ હાંસલ કરે અને **اِيَّاكَ نَسْتَعِيْنُ** "ઈય્યાકનસ્તઈન"ના હસ્ર (ખુદા સિવાય ગૈરથી મદદ ન જ લેવાય) ને એના વિરૂદ્ધ જાણે ! **પરંતુ જેવી કે અંબિયા عَلَيْهِمُ السَّلَام તથા અવલિયા رحمۃ اللہ علیہم اجمعین થી મદદ ચાહી અને શિર્ક આવ્યું ! તો તે કામો વખતે (જે ઉપર વર્ણવ્યાં) આયતનો હસ્ર (ગૈરે ખુદાથી મદદ લેવાય જ નહીં) કેમ ન યાદ આવ્યું ? ત્યાં તો એ છે કે, "અમે ખાસ તારાથી જ મદદ ચાહીએ છીએ" શું વહાબીઓની નજીક "ખાસ તારાથી જ" માં વૈદ, હકીમ, થાણેદાર, જમાદાર, ડેપ્યુટી, જજ વગેરે બધા આવી ગયા કે તે આ હસ્રથી ખારિજ ન થયા ? અથવા મઆઝલ્લાહ (અલ્લાહની પનાહ) ! આયએ કરીમાનો હુકમ તેમને લાગુ નથી પડતો ? તેઓ ખુદાના મુલ્કથી ક્યાં જુદા વસે છે ?**

મતલબ કે વહાબીઓ પોતે પણ દિલમાં સારી રીતે જાણે છે કે



બુઝુર્ગોની મદદોની બરકતો

આયએ કરીમામાં મુતલક ગૈરથી મદદ ચાહવી અસલમાં મના નથી ન તે કદાપિ શિર્ક અથવા મના થઈ શકે છે બલ્કે **હક઼ીક઼ી ઈસ્તેઆનત (મદદ ચાહવી) ખુદા તઆલાથી ખાસ ફર્માવવામાં આવી છે. અને તેને ખાસ કરવું કોઈ પણ રીતે અંબિયા عَلَيْهِمُ السَّلَام તથા અવલિયા હઝરાત رحمۃ اللہ علیہم اجمعین થી ઈસ્તેઆનત જાઈઝ હોવાની મના નથી થતી.** પરંતુ બિચારી અવામ (સામાન્ય પ્રજા)ને બેહકાવવા માટે અને ખુદાના મહબૂબ બંદાઓના મુબારક નામ તેઓની ઝબાનથી દૂર કરવાને માટે **જાણી બુઝીને કુર્આન તથા હદીષના અર્થો બદલે છે.** તો શું વાત છે ? કે સમજે તો છે પણ દિલનો દરવાજો બંધ છે. (પોતાના) પગ તળેનું નજર આવે છે ? હકીમજીને ઈલાજ કરતાં, થાણેદારને ચોરી પકડતાં, નવાબ રાજાને નોકરીઓ આપતા, ડેપ્યુટી જજને કેસ બગાડતાં સંભાળતાં આંખો વડે જોઈ રહ્યા છે. તેઓની મદદોથી કેમ કરીને મુન્કિર થાય ? અને હઝરાત અંબિયા عَلَيْهِمُ السَّلَام તથા અવલિયા رحمۃ اللہ علیہم اجمعین જેઓની જાહેર તથા બાતિન, કાહિરો બાહિર (જબરદસ્ત) મદદો પહોંચી રહી છે તે **દિલના આંધળાઓને ન દેખાય છે** અને ન પોતાના નસીબમાં તેઓની મદદોનો હસ્ર સમજે ! પછી ભલા કઈ રીતે યક઼ીન લાવે ? જેવી રીતે 'મોઅતઝલહ' ખઝલહુ મુલ્લાહો તઆલા, કે તેઓના પેશ્વા જાહેરી ઈબાદતો કરતાં કરતાં મરી ગયા પણ અવલિયાની કરામતોનું ટીપુ પણ પોતાનામાં ન મેળવી શક્યા જેથી લાચાર થઈને મુન્કિર થઈ ગયા ! શેઅર (અર્થ) : "જોતા નથી હક઼ીક઼તને, મનઘડત વાતો કરનારાઓ."

પછી (વળી) તે હઝરાતને ડેપ્યુટી, જજ, હકીમથી ખૂદ પણ કામ પડયા કરે છે તેમનાથી ઈસ્તેઆનત (મદદ ચાહવી) કેવી રીતે શિર્ક કહે ? એટલા માટે તે લોકો (જજ, હકીમ વગેરે)થી

કોઈ અદાવત પણ નથી. ''દિલમાં તકલીફ તો અંબિયા તથા અવલિયા અલૈહિમુસ્સલાતુ વષ્ષનાથી છે,'' તેઓનું નામ તઅઝીમ તથા મહોબ્બતથી ન આવવા પામે, તેઓના તરફ કોઈ સાચી અક઼ીદતથી રુજૂઅ (પેશ) ન આવે. *સયઅલમુલ્લઝીન ઝલમૂ અય્યુમુનકલબીં ય્યનકલિબૂન.*

**મુશ્કેલીઓના ફાયદા** : વહાબી સાહબ, બિચારા કમ ઈલ્મવાળાઓને હમેશાં ધોકો આપે છે કે, ''આ તો જીવતાં છે (જજ, ડોકટર વગેરે), ફલાણો અક઼ીદો અથવા મામલો તેમનાથી શિર્ક નથી. (પણ) તેઓ (અંબિયા અવલિયા) મૃત્યુ પામેલ છે એટલે તેમનાથી શિર્ક છે !'' એમના તમામ બેહુદા વસવસાઓનો આના પરથી કયાસ (અનુમાન) કરી લો. પણ આ (ઉપરની વાત) એકદમ જહાલત છે, **જે શિર્ક છે તે જેની સાથે પણ કરવામાં આવે શિર્ક જ થશે. અને એકના માટે શિર્ક નથી તો કોઈના માટે પણ શિર્ક નથી થઈ શકતું.' શું ખુદાના શરીક મુડદાં નથી થઈ શકતા, જીવતાં થઈ શકે છે ? દૂરના નથી થઈ શકતાં, નજીકવાળા થઈ શકે છે ? અંબિયા નથી થઈ શકતા, હકીમ થઈ શકે છે ? ઈન્સાન નથી થઈ શકતા, ફરિશ્તા થઈ શકે છે ? હાશા લિલ્લાહ ! કદાપિ એવું નથી.** અલ્લાહ તઆલાનો કોઈ શરીક નથી થઈ શકતું. તો દાખલા રૂપે જે વાત, પોકાર અથવા કોઈ વસ્તુ જે એ'તેકાદ (માન્યતા)ની સાથે કોઈ નજીક બેઠેલા જીવતા માણસથી શિર્ક નથી તે એ જ એ'તેકાદથી કોઈ બીજા અથવા મૃત્યુ પામેલ બલ્કે ઈટ, પથ્થરથી પણ શિર્ક નથી થઈ શકતું. અને જો તેમનાથી કોઈથી શિર્ક ઠરે છે તો તદ્દન યક઼ીનન ! તમામ દુનિયાથી શિર્ક થશે. આ ઈસ્તેઆનત (મદદ ચાહવી)ને જ જુઓ કે જે અર્થ મુજબ ગૈરે ખુદાથી શિર્ક છે એટલે કે તેને ક઼ાદિર બિઝઝાત (જાતે





પોતે ખુદાના અતા કર્યા વગર શક્તિમાન) તથા માલિકે મુસ્તકિલ (ખુદાના અતા કર્યા વિના જાતે પોતે પૂરેપૂરો માલિક) જાણીને મદદ માંગવી. ''આ (જ) અર્થમાં'' જો બીમારી દૂર કરવામાં દાકતર અથવા દવાથી મદદ ચાહે અથવા ગરીબાઈની હાલતમાં અમીર અથવા બાદશાહની પાસે અથવા ઈન્સાફ (ન્યાય) કરાવવા કોઈ કચેરીમાં મુકદ્દમો લડાવે, બલ્કે કોઈનાથી રોજ રોજના મામૂલી કામોમાં પણ મદદ લે. જે યક઼ીનન ! તમામ વહાબી સાહબ દરરોજ પોતાની ઔરતો, બાળકો, નોકરોથી કરતાં કરાવતા રહે છે. દાખલા રૂપે આમ કહેવું ફલાણી વસ્તુ ઉઠાવી લે, અથવા ખાવા પકાવી દે અથવા પાણી પીવડાવી દે તે સદંતર શિર્ક છે, **જ્યારે એ જાણ્યું કે આ કામને કરી આપવા માટે તેમનામાં ખૂદ પોતાની જાતથી જ ખુદાની અતા વગર કુદરત સમાયેલી છે તો સ્પષ્ટ કુફ્ર અને શિર્કમાં શું શંકા રહી ?** અને જે અર્થમાં તે બધાથી ઈસ્તેઆનત (મદદ ચાહવી) શિર્ક નથી એટલે કે ખુદાની મદદનો મઝહર તથા વાસ્તો તથા વસીલો તથા સબબ (ઝરીયો) સમજવું, આ અર્થમાં અંબિયા عَلَيْهِمُ السَّلَام તથા અવલિયા رحمة الله عليهم اجمعين થી કઈ રીતે શિર્ક થવા લાગ્યું ? ''પણ (જ્યારે કે) હકીમ, અમીર, જજ, અવલાદ, નોકર, પત્ની આ બધાને ખુદાની મદદના મઝહર અને સબબ તથા વસીલો જાણવો જાઈઝ છે અને તે મહાન હઝરાતોને કે તેઓ આ'લા મઝહર (ખુદાની મદદ જાહેર થવાની જગા), મહાન સબબ તથા અફઝલ વસીલા બલ્કે અંતિમ દરજાના સબબો, વાસ્તાઓ અને વસીલાઓમાં છે એમ સમજવું શિર્ક થઈ ગયું ? હજારો અફસોસ આવી મૂર્ખાઈ અને નાઈન્સાફી પર.'' મતલબ ત્યાં જઈને પાણી અટકે છે કે જે કાંઈ ગુસ્સો છે તે ખુદાના મહબૂબ બંદાઓના બારામાં જ છે. પત્ની, દોસ્ત, બાળકો, મદદગાર, નોકર, કામ કરનાર (માં વાંધો

નહીં) પણ અંબિયા તથા અવલિયાનું નામ આવ્યું અને દિમાગ પર શિર્કનું ભૂત સવાર ! આ શું દીન છે ? કેવું ઈમાન છે ?

**ولاحول ولا قوة الا بالله العلى العظيم**

મુસલમાનો આ નુકતાને સારી રીતે સુરક્ષિત તથા નજર સમક્ષ રાખે. જ્યાં તે ચાલાકો, અય્યારો (ધોકાબાઝો)ને કોઈ પણ ફરક કરતાં જુએ કે ફલાણો અમલ ફલાણા એતેકાદની સાથે શિર્ક છે અને ફલાણાથી નહીં, યક઼ીનન ! જાણી લો કે નર્યા જૂઠા છે. **જે એક જગાએ શિર્ક નથી તે એ જ એ'તેકાદથી કોઈ જગાએ શિર્ક નથી થઈ શકતું.** *''વલ્લાહુલ હાદી ઈલા તરીકન સવા''*

**જરૂરી ફાયદાઓ** : અમુક કાચા વહાબી, પાકા હોશિયાર, જ્યારે દરેક રીતે આજિઝ આવી (લાચાર બની) જાય છે અને કોઈ રીતે ભાગી છૂટવાનો રસ્તો નથી પામતા તો એક નવો દાવ અજમાવે છે કે સાહેબો ! અમે પણ ઈસ્તેઆનત (મદદ ચાહવી)ને શિર્ક કહીએ છીએ જે ગૈરે ખુદાને ક઼ાદિર બિઝ્ઝાત (ખુદાની અતા વગર પોતે શક્તિમાન) તથા માલિકે મુસ્તકિલ (ખુદાની અતા વગર પોતે જાતે જ સંપૂર્ણ માલિક) ખુદાની અતા વગર જાણીને કરવામાં આવે. અને પોતાની વાત બનાવવા અને શર્મિંદગી દૂર કરવા માટે નાહક્ક઼ નાજાઈઝ (રીતે) બિચારા આમ (સામાન્ય) મુસલમાનો પર જીવતુ જાગતુ તોહમત બાંધે છે (આરોપ લગાવે છે) કે તેઓ આ પ્રમાણે (અલ્લાહની અતા વિના) સમજીને જ અંબિયા તથા અવલિયાથી મદદ ચાહે છે ! (અને કહે છે) અમારો આ શિર્કનો હુકમ તે જ નિસ્બતને આધારિત છે. આ પ્રકારની બનાવટ (છેપરપિંડી)ની પોકળતા ત્રણ રીતે ઉઘડી જશે.

**(૧)** (તેઓ) સદંતર જૂઠા છે કે ફક્ત એક જ સૂરત (સ્થિતિ)ને





શિર્ક માને છે (આવી ખોટી વાત કરે છે). તેમના નાલાયક ઈમામે, તક઼વિયતુલ ઈમાન, નહીં પોતાનું 'તફવિયતુલ ઈમાન' (ઈમાનનો નાશ કરનાર કિતાબ)માં સ્પષ્ટ (ખુલ્લમ ખુલ્લા) લખી દીધું છે કે, **પછી ખ્વાહ એમ સમજે કે આ કામોની શક્તિ તેઓને ખૂદ બ ખૂદ છે અથવા એમ સમજે કે અલ્લાહે તેઓને એવી કુદરત (શક્તિ) બખ્શી છે, દરેક રીતે શિર્ક થાય છે.''** કેમ ? હવે ક્યાં ગયા તે જૂઠા દાવઓ ?!

**(૨)** તેઓની સામે આમ કહો કે **''યા રસૂલલ્લાહ ! હુઝૂરને અલ્લાહે પોતાના ખલીફએ આ'ઝમ તથા નાયબે અકરમ તથા ક઼ાસિમે નેઅમ (નેઅમતો વહેંચનાર) બનાવ્યા. દુનિયાની કુંજીઓ (ચાવીઓ), જમીનની કુંજીઓ, ખજાનાઓની કુંજીઓ, નફાની કુંજીઓ, હુઝૂરના દસ્તે મુબારકમાં રાખી. દરરોજ બે વખત તમામ ઉમ્મતના આમાલો હુઝૂરની બારગાહમાં રજૂ કરાવ્યા, યા રસૂલલ્લાહ ! મારા કામમાં નઝરે રહમત ફર્માવો, યા રસૂલલ્લાહ ! અલ્લાહના હુકમથી મારી મદદ ફર્માવો.''** હવે આ શબ્દોમાં તો ખુલ્લમ ખુલ્લા જાતી કુદરતનો ઈન્કાર અને ખુદાની મદદની મઝહરિયતનો ખુલાસો છે. આમાં તો મઆઝલ્લાહ ! તે નાપાક ગુમાનની ગંધ સુધ્ધાં નથી આવી શક્તી. એવું કહેતા જાવ અને તેમના ચહેરાનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતા જાવ. જો ખુશદિલીથી એને સાંભળે અને નફરત તથા ગુસ્સાની અલામતો (હાવભાવ) જાહેરમાં ન થાય, તો તે ઠીક, અને જો જુઓ કે ચહેરો બગડયો, નાક તથા ભવાં સંકોચાયા, મૂછ પર ધુમાડાની જેમ કાળાશ (અંધકાર) ફેલાય જાય તો જાણી લો કે દિલની છુપી આગ પોતાનો રંગ લાવી રહી છે. *ખોટે ખરેકા પર્દા ખૂલ જાએગા ચલનમેં !* (ખોટા ખરાની પરખ હાવભાવ પરથી થઈ જશે).

સુબ્હાનલ્લાહ ! હું અમસ્તો જ પરીક્ષા માટે કહું છું ? ઘણીવાર પરીક્ષા થઈ ચૂકી છે. તે સાહેબોમાં ખૂબ જ નીચલી કક્ષાના વહાબી દહેલ્વી, મુસન્નિફે (લેખક) 'ઝફરે જલીલ' હતા. અઝીમો જલીલ (ખૂબ જ મહાન) હદીષથી સાબિત છે કે "યા રસૂલુલ્લાહ ! હું હુઝૂરના વસીલાથી પોતાના રબની તરફ ધ્યાન કરું છું કે તે મારી હાજત પૂરી ફર્માવે." કે જે સિહાહ સિત્તહ (હદીષોની સહીહ હદીષોવાળી છ કિતાબો)માંથી ત્રણ જામેઅ તિર્મિઝી, સુનને નિસાઈ, સુનને ઈબ્ને માજહમાં મરવી (રિવાયત થયેલ છે) અને મહાન મોહદ્દિષોએ જેવા કે ઈમામ તિર્મિઝી, ઈમામ તિબ્રાની, ઈમામ બયહકી, અબૂ અબ્દુલ્લાહ, હાકિમ તથા ઈમામ અબ્દુલ અઝીમ મુન્ઝરી વગેરે તેને સહીહ ફર્માવતા આવ્યા. જે ખૂદ હુઝૂરે પૂરનૂર શાફએ યવમુન્નોષૂર ﷺ હાજત પૂરી કરવા માટેની તાલીમ, અને સહાબા તથા તાબેઈન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ હુઝૂરના મુબારક જમાના અને હુઝૂરના જમાના બાદ અમીરૂલ મોઅમિનીન હઝરત ઉષ્માનગની رَضِیَ اللہُ عَنہ માં હાજત પૂરી કરવાનો ઝરીયો બનાવ્યો. એમાં શું હતુ ? એ જ કે, "યા રસૂલલ્લાહ ﷺ ! હું હુઝૂરના વસીલાથી પોતાના રબની તરફ તવજ્જોહ (ધ્યાન કેન્દ્રિત) કરું છું કે તે મારી હાજત પૂરી ફર્માવે." તેમાં મઆઝલ્લાહ ! (અલ્લાહની પનાહ !) કુદરતે બિઝઝાત (ખુદાની અતા વગર જાતે પોતે શક્તિમાન)ની ક્યાં ગંધ (બૂ) હતી ? જે નવાબ સાહબને પોતાની નવાબીના નશામાં બુરી લાગી ! કે ન રસૂલ ﷺ ના ઈર્શાદનો પાસ (લેહાઝ) ન સહાબા તથા તાબેઈનની તાલીમનો કે અમલનો લિહાઝ, ન હદીષોના મહાન હાફિઝોની તસ્હીહ (બતાવેલ)નો ખયાલ ! સખત ધટાઈ (અત્યંત હઠધર્મી)ની સાથે હાશિયાએ ઝફરે જલીલ પર હદીષ સહીહને ઝબાનના જોરે અને બોહતાન (આક્ષેપ)ના જોરે રદ કરવાના માટે અક્કલ તથા





શરીઅતની પાબંદીથી નીકળીને બેધડક રાવી ષિકહ રાવીઓની નસબ બદલીને 'તકરીબ' (કિતાબનું નામ)ની ઈબારત (લખાણ)માં કમાલની શરારત સાથે એક લીટી બતાવી બીજી છુપાવી, કોઈનો હાલ કોઈના પર ફીટ કરીને અત્યંત બેશરમીથી પાંખો વગરની ઉડાવી (સૂકામાં નાવ ચલાવી) કે, "આ હદીષ દલીલ માટે યોગ્ય નથી !" اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ

આ ઈબ્રતનાક (બોધદાયક) પ્રસંગનું વર્ણન અમારા રિસાલા 'અન્હારૂલ અન્વારમાં છે. હવે જુઓ કે ફક્ત અવલિયા નહીં બલ્કે ખૂદ હુઝૂર ﷺ થી ઈસ્તેઆનતે જાઈઝા, મહમૂદા (પસંદીદા) ખૂદ હુઝૂર علیہ الصلوۃ والسلام ની ફર્માવેલ, સહાબા તથા તાબેઈનની મઅમુલા (જેના પર અમલ કરતા હતા) તથા પસંદ કરેલ, સહીહ હદીષમાં એને સાંભળીને તો તેમના (વહાબીઓના) નીચલી કક્ષાના સાહેબોનો તો આ હાલ થાય છે તો નંબરી બહાદુર ઉચ્ચ કક્ષાના વહાબી જ્યારે કોઈ મુસલમાનની ઝબાનથી હઝરાતે મહબૂબાને ખુદા (ખુદાના પ્યારા બંદાઓ)ના નામે પાક સાંભળતા હશે તો તેઓના કલેજા પર શું નહીં ગુજરતી હોય ?!

(૩) બધું જ જવા દો. **શરૂથી (મુદ્દલે) આ નાપાક દાવો (કરવો) જ કે ખુદાના બંદાઓ, ખુદાના મહબૂબ બંદાઓને કાદિરે મુસ્તકિલ (જાતે પોતે ખુદાની અતા વગર શક્તિમાન) જાણીને મદદ ચાહે છે. (આ) "એક એવી સખ્ત વાત છે કે જેની બુરાઈની ખબર પડી જાય તો મુદ્દતો સુધી તમારે તૌબા કરવી પડે !" અહલે 'લાઈલાહ ઈલ્લલ્લાહ' (કલ્મગો મુસલમાનો) પર બદગુમાની હરામ છે. અને તેમની બોલીને (વાણીને) જેનો ખરો અર્થ દેખીતી રીતે દુરુસ્ત હોય (તો પણ) વિના કારણે મઆઝલ્લાહ કુફ્રી અર્થ તરફ ઢાળી**

**લઈ જવો યકીનન કબીરા ગુનોહ છે.**

ખુદા તઆલા ફર્માવે છે :–

**يَآ يُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ ز اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ۔**

"હે ઈમાનવાળાઓ ! બહુ ગુમાનોની પાસે ન જાવ, બેશક કેટલાક ગુમાન ગુનાહ છે." *(પારા. ૨૬, સૂરએ હુઝુરાત, આ. ૧૨)*

અને ફર્માવે છે :–

**وَلَا تَقْفُ مَا لَيْسَ لَكَ بِهٖ عِلْمٌ ط اِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَ الْفُؤَادَ كُلُّ**

**اُولٰٓئِكَ كَانَ عَنْهُ مَسْئُوْلًا۔**

"પાછળ ન પડ તે વાતની કે જે તને તહકીક નથી. બેશક ! કાન, આંખ, દિલ દરેકથી સવાલ થાય છે." *(પારા. ૧૫, સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૬)*

અને ફર્માવે છે :–

**لَوْلَآ اِذْ سَمِعْتُمُوْهُ ظَنَّ الْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنٰتُ بِاَ نْفُسِهِمْ خَيْرًا۔**

"કેમ ન થયું, કે જ્યારે તમે તેને સાંભળ્યું, તો મુસલમાન મર્દો ઔરતોએ પોતાની જાનો એટલે કે પોતાના ભાઈ મુસલમાન પર નેક ગુમાન કર્યું હોત." *(પારા. ૧૮, સૂરએ નૂર, આ. ૧૨)*

અને ફર્માવે છે :–

**يَعِظُكُمُ اللّٰهُ اَنْ تَعُوْدُوْا لِمِثْلِهٖٓ اَبَدًا اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ** "અલ્લાહ તમને નસીહત ફર્માવે છે કે હવે આવું ન કરશો જો ઈમાન રાખતા હોય." *(પારા. ૧૮, સૂરએ નૂર, આ. ૧૭)*

અને રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, "તેં તેનું દિલ ચીરીને કેમ ન જોયું ?" મુસ્લિમ વગેરેએ રિવાયત કરી.





ઉલ્માએ કિરામ ફર્માવે છે કલ્માગોની વાતોમાં જો ૯૯ અર્થ કુફ્રની નજીક અને એક તાવીલ (અર્થઘટન) ઈસ્લામ (મુજબ)ની પૈદા થાય તો વાજિબ છે કે આ તાવીલને અપનાવે અને તેને મુસલમાન ઠરાવે કે હદીષમાં આવ્યું છે, "ઈસ્લામ ગાલિબ રહે છે અને દબાવી શકાતો નથી." રૂયાનીએ અને દારકુત્ની અને બયહકી અને ખલીલે આઈદ ઈબ્ને અમ્ર મુઝની رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَએ હુઝૂર ﷺથી રિવાયત કરી.

ન કે કાંઈ કારણ વગર મોઢાના જોરે સાફ જાહેર, સ્પષ્ટ, ખુલ્લા, પ્રખ્યાત અર્થનો ઈન્કાર કરીને પોતાની તરફથી એક મલઉન (જેના પર અલ્લાહની લાનત કરવામાં આવી તે) તથા મરદૂદ, બનાવટી, ધુત્કારાયેલો વહેમ ઘડે. અને પોતાના માટે ઈલ્મ તથા ગયબ તથા દિલના હાલની ખબરનો દાવો કરીને જબરદસ્તી તે જ નાપાક મુરાદ (આશય) મુસલમાનોના માથે બાંધે ! કયામત તો આવશે નહીં ! હિસાબ તો થશે નહીં !? આ આરોપો, તોફાનો માટે બારગાહે કહહારથી જવાબ તો લેવામાં આવશે નહીં !? હા હા જવાબ તૈયાર કરી રાખો તે સખત (કપળા) સમયના માટે જ્યારે મુસલમાનોની તરફથી ઝગડતો આવશે 'લાઈલાહ ઈલ્લલ્લાહ' (જે કલ્માગોઈનો તમે દાવો કરો છો તે) ! હવે છટકવા ફરો છો, સિતમગર લોકો ! કેવી મુસીબતમાં જકડાય છે ?! આ રીતે ભરોસો ન પડે તો પોતાના જૂઠની પરખ કરી લો. મદદ લેવાવાળાઓથી પૂછો કે તમો અંબિયા عَلَيْهِمُ السَّلَامُ, અવલિયા رحمۃ اللہ علیہم اجمعین ને અલઅયાઝુબિલ્લાહ (ખુદાની પનાહ) ખુદા અથવા ખુદાના હમસર (બરાબર) અથવા કાદિરબિઝ્ઝાત યા મુસ્તકિલ મદદગાર જાણો છો ? કે પછી અલ્લાહના મકબૂલ બંદા (અંબિયા–અવલિયા), તેની સરકાર (બારગાહ)માં ઈજ્જત તથા મહાનતાવાળા, તેના (ખુદાના) હુકમથી તેની નેઅમતો વહેંચવાવાળા માનો છો ? જુઓ તો તમને

શું જવાબ મળે છે ?

ઈમામ અલ્લામા ખાતેમુલ મુજતહેદીન, તકીયુલ મિલ્લતે વદ્દીન, ફક્રીહ, મોહદ્દિષ, નાસિરુસ્સુન્નહ, અબુલહસન અલી ઈબ્ને અબ્દુલ કાફી સુબકી رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن કિતાબે મુસ્તતાબ 'શિફાઉસ્સિકામ'માં ઈસ્તિમદાદ વ એઆનત (મદદ માગવા)ને ખૂબ જ સરીહ (સ્પષ્ટ) હદીષોથી સાબિત કરીને ઈર્શાદ ફર્માવે છે, (અરબી લખાણનો અર્થ) ''એટલે કે હુઝૂરે અનવર صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمને ખાલિક઼ અને ફાઈલે મુસ્તકીલ (જાતે પોતે ખુદાની અતા વગર કામ કરનાર) ઠરાવતા હોય ? **આ પ્રકારનો ઈરાદો તો કોઈ મુસલમાન નથી કરતો.** જેથી આ અર્થમાં કલામ (વાત)ને ઢાળી (ફેરવી)ને ઈસ્તેઆનત (મદદ ચાહવા)થી મના કરવું, **દીનમાં ધોકો** (છેતરપીંડી) આપવું, મુસલમાન **અવામ (લોકો)ને પરેશાનીમાં મૂકવું** છે'' સદકત યા સૈયદી જઝાકલ્લાહુ અનિલ ઈસ્લામિ વલ મુસ્લિમીન ખયરૌ.'' આમીન.

હઝરત ફક્રીહ, મોહદ્દિષ અલ્લામા મોહક્કિક઼ આરિફ બિલ્લાહ ઈમામ ઈબ્ને હજર મક્કી رَحْمَةُ اللّٰهِ عَلَیْه કિતાબ 'ઈફાદત નિસાબ જૌહરી મુનઝઝમ'માં હદીષોથી ઈસ્તેઆનત (મદદ ચાહવા)ને સાબિત કરીને ફર્માવે છે, (અરબી લખાણનો અર્થ) ''એટલે કે રસૂલલ્લાહ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّم અથવા હુઝૂરે અક઼દસના સિવાય બીજા અંબિયા عَلَیْهِمُ السَّلَام તથા અવલિયા رَحْمَةُ اللّٰهِ عَلَیْهِمْ اَجْمَعِیْنની તરફ તવજ્જોહ, અને તેમનાથી ફરિયાદનો એ જ અર્થ મુસલમાનોના દિલમાં છે, તેના સિવાય કોઈ મુસલમાન બીજો અર્થ નથી સમજતો ન ઈરાદો કરે છે. તો જેનું દિલ એને કબૂલ ન કરે તે પોતે પોતાના હાલ પર રડે. અમે અલ્લાહ તબારક વ તઆલાથી આફિયત (સલામતી) માંગીએ છીએ. હક઼ીક઼તમાં ફરિયાદ ખુદા તઆલાની બારગાહમાં છે અને





નબી عَلَیْهِ الصَّلٰوةُ وَالسَّلَام તેના (ખુદાના) અને તે ફરિયાદીના દરમ્યાનમાં વસીલો તથા વાસ્તો છે તો (હક઼ીક઼તમાં) ખુદા તઆલાની બારગાહમાં ફરિયાદ છે. અને તેની ફરિયાદર્સી (મદદે પહોંચવું) આ પ્રમાણે છે કે ખુદા જ મુરાદને પૈદા કરે તથા બનાવે અને નબી صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمની હુઝૂરી (બારગાહ)માં ફરિયાદ છે અને હુઝૂરની ફરિયાદર્સી આ પ્રમાણે છે કે હાજત પૂરી કરવાનો સબબ બને અને પોતાની રહમતથી તે કામ કરે જેના ઝરીયાથી તેની હાજત પૂરી થાય.

**લતીફો (ટૂચકો)** : વહાબી સાહબને કરીમાનો મિસરઅ તો યાદ રહ્યો કે, ''ન દારેમ ગૈર અઝ તુ ફરિયાદ રસ'' (તારા (ખુદા) સિવાય અમે કોઈને મદદગાર બનાવતા નથી), અને તે બેશક ! હક઼્ક઼ છે, જેનો ભાવાર્થ અમે આગળ વર્ણવી ચૂક્યા છે. પણ એ ન યાદ આવ્યું કે ''કુબરાએ તાએફહના મહાન તથા ભરોસા પાત્ર ઉલ્માઓ'' હુઝૂર પૂરનૂર સૈયદના વ મૌલાના વ ગ઼ૌષના વ માવાના ''હઝરત ગ઼ૌષે આ'ઝમ'' ગૌષષ્ષક઼લૈન સલ્લલ્લાહુ તઆલા અલા જદ્દેહિલ કરીમ વ આબાએહિલ કિરામ વ અલયહે વઅલા મુરીદિયહ વ મોહિબ્બિયહ વબારક વસલ્લમને 'ફરિયાદ રસ (મદદગાર) માની રહ્યા છે !'

શાહ વલીયુલ્લાહ સાહબ 'લમ્આત'માં લખે છે, (ફારસી લખાણનો અર્થ), ''આજે જો કોઈને ખાસ રૂહથી મુનાસેબત પેદા થઈ જાય અને તે ત્યાંથી ફૈઝયાબ થાય તો કદાચ દૂર નથી કે આ કમાલ હુઝૂર صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّم અથવા અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰی وَجْهَهُ الْكَرِیْمની નિસ્બતથી હાંસલ થયો હશે અથવા ગ઼ૌષ આ'ઝમ رَضِیَ اللّٰهُ عَنْهની નિસ્બતથી હાંસલ થયો હશે અથવા ગૌષે આ'ઝમ رَضِیَ اللّٰهُ عَنْهની નિસ્બતથી મળ્યો હશે.''

શાહ અબ્દુલ અઝીઝ સાહબ તફસીરે અઝીઝીમાં હુઝૂર

ﷺની મહબૂબિયત બયાન કરીને વર્ણવે છે, (ફારસી લખાણનો અર્થ) : ''આ તે મર્તબો છે જે કોઈ ઈન્સાનને નસીબ ન થયો, હા હુઝૂર علیہ الصلوٰۃ والسلامના તુફેલથી તેનો કાંઈક હિસ્સો ઉમ્મતના અવલિયા સુધી પહોંચ્યો. પછી તે હઝરાત તેની બરકતથી મસ્જૂદે ખલાઈક અને મહબૂબે કુલૂબ (દિલોના પ્યારા) થયા. જેમ કે હઝરત ગૌષે આ'ઝમ અને સુલ્તાનુલ મશાઈખ હઝરત નિઝમુદીન અવલિયા رحمۃ اللہ علیہما.''

મિર્ઝા મઝહરે જાને જાનાં પોતાના મકતૂબમાં લખે છે કે, ''આંચે દર તાવીલે કૌલે હઝરત ગૌષુષકલૈન رضی اللہ عنہ કદમી હાજેહિ અલા રકબતે કુલ્લે વલી ઈલ્લાહે નબીશ્તા અન્દ'' તે ઉપરાંત તેમના જ મલ્ફૂઝાતમાં છે કે, (ફારસીનો અર્થ) : ''ગૌષુષ્ષકલૈનની તવજ્જોહ પોતાના સિલસિલાથી જોડાયેલ હઝરાતથી ખૂબ જણાયી છે. આપના સિલસિલાની કોઈ એવી વ્યક્તિથી મુલાકાત ન થઈ કે જે આપની તવજ્જોહથી વંચિત હોય.''

કાઝી ષનાઉલ્લાહ સાહબ પાનીપતી સૈફુલ મસ્લૂલ લખે છે કે, (ફારસીનો અર્થ), ''વિલાયતના કારખાનાના ફોયુઝ (ફયઝનું બહુવચન) પહેલાં એક વ્યક્તિ પર નાઝિલ થયા. પછી તેનાથી વહેંચાઈને દરેક જમાનાના વલીને મળ્યા. અને કોઈ વલીને તેમના વસીલા વગર ફયઝ ન મળ્યો હઝરત ગૌષષ્કલૈન મોહયુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہના રૂહથી જોડાયેલ હતો. જ્યારે ગૌષષ્કલૈન પૈદા થયા તો આ મન્સબ (હોદ્દો) આપનાથી જાડાયો અને મુહમ્મદ મહદીના ઝહૂર સુધી હઝરત ગૌષષ્કલૈનની રૂહથી સંબધિત રહેશે. એટલા માટે આપે ફર્માવ્યું, ''મારો આ કદમ દરેક વલીયુલ્લાહની ગરદન પર છે.'' પછી ગૌષ પાકનો આ કૌલ,





મારા ભાઈ અને દોસ્ત મૂસા ઈબ્ને ઈમરાન હતા. પણ આ વાતની દલીલ સાબિત થાય છે.''

આ બધું એક બાજુએ રાખો, ખૂદ ઈમામુત્તાએફા (વહાબી જમાતના સરદાર) મિયાં ઈસ્માઈલ દહેલ્વી 'સિરાતે મુસ્તકીમ'માં પોતાના પીરનો હાલ લખે છે, (ફારસીનો અર્થ), ''હઝરત ગૌષષ્કલૈન અને હઝરત ખ્વાજહ બહાઉદ્દીન નક્શબંદીની અરવાહે મુબારકહ (રૂહો)ની તવજ્જોહ તેમના (પીરના) હાલ પર હતી. તેમાં જ છે કે એક વ્યક્તિ કાદરી તરીકા બયઅતનો ઈરાદો કરતો હતો. અલબત્ત તેને જનાબ ગૌષષ્કલૈનમાં સતત વિશ્વાસ હતો......અંત સુધી. પોતાને આ જનાબના ગુલામોમાં સામેલ કર્યો તેમાં જ છે, અવલિયા એઝામ જેવા કે ગૌષપાક رضی اللہ عنہ અને હઝરત ખ્વાજહ બુઝુર્ગ.''

આ જ ઈમામુત્તાએફા (ઈસ્માઈલ દહેલ્વી) પોતાની તકરીરે ઝબીહા મન દરજે મજમુઅએ ઝુબદતુન નસાએહમાં લખે છે, (ફારસીનો અર્થ), **''જો કોઈ વ્યક્તિ કોઈ બકરો ઘરમાં પાળે જેથી તેનો ગોશ્ત સારો થઈ જાય (તાજો થાય). અને તેને ઝબહ કરીને, પકાવીને ગૌષુલ આ'ઝમ رضی اللہ عنہની ફાતેહા અપાવે અને લોકોને ખવડાવે તો કોઈ ખલેલ (વાંધો) નથી.''**

ઈમાનદારીથી કહો ! **ગૌષુલ આ'ઝમ**નો એ જ અર્થ થયો કે **''સૌથી મોટા ફરિયાદ રસ''** અથવા કાંઈ બીજો ? ખુદાને એક જાણીને કહેવું ''ગૌષુષ્કલૈન'' એ જ તર્જુમો થયો કે જિન તથા બશરના ફરિયાદ રસ કે કાંઈ બીજું ? **''પછી આ કેવું ઉઘાડુ શિર્ક તમારા ઈમામ તથા તેમનું બધું ખાનદાન બોલી રહેલ છે ?!'' કથન, કૌલ (વાણી)ના સાચા છો**

**તો એ બધાને જરા દિલ કઠણ કરીને મુશ્રિક, બેઈમાન કહી દો ! નહીં તો શરીઅત શું વહાબીઓ તમારી ખાનગી બનાવેલ (બનાવટ) છે ? કે ફક્ત બહારવાળાઓને માટે ખાસ છે ? ઘરવાળા બધા તેનાથી અલિપ્ત છે ?**

અફસોસ ! તે બેલગામ ઈમામની રંગબેરંગી મિજાઝીઓએ (વહાબી) જમાઅતની ઓર ખરાબી કરી છે. 'પોતે જ તો શિર્કનો કાયદો શિખવાડે' જેના કારણે જમાઅત (વહાબી)ના નવાબ ભોપાલી બહાદુર દબાયેલી ઝબાનથી કહી પણ ગયા કે, "ગૌષે આ'ઝમ કે ગોષુષ્ષકલૈન કહેવું શિર્કથી ખાલી નથી !" અને પોતે જ્યારે રંગબેરંગી તરંગોમાં રાચે તો પોતાની મોજમાં આવીને તેમને ઊંડે ધકેલી દે અને *બરીઉમ્ મિન્ક ઈન્ની અખાફુલ્લાહુ રબ્બલ આલમીન* હવે બિચારા રડયા કરે !

**અપના બેળા ખે ગયે ઔર હો ગયે નદિયાં પાર,**
**બાન ન મેરી થામ લી સો આન પળે મઝધાર**

કોણ સાંભળે છે અલહક્ક઼ :–

**દો ગુના રંજો અઝાબસ્ત જાને મજનૂરા**
**બલા એ સોહબતે લયલાઓ ફુર્કતે લયલા**

**અર્થ** : "રંજ તથા અઝાબ ડબલ થયો મજનૂની જાન પર, લયલાની સોહબત અને લયલાની જુદાઈની મુસીબત."

(અરબીનો અર્થ) "અલ્હમ્દુલિલ્લાહ કે આ ખૂબ જ સંક્ષિપ્ત જવાબ અને આટલા ઈજમાલ પર પૂરતો જાહેરી સવાબ કેટલીક બેઠકોમાં ૧૬ શાબાનુલ મોઅઝઝમ જુમ્આના મુબારક દિવસે હિ.સ. ૧૩૧૧ના દિવસે અસરના સમયે પૂરો થયો. તારીખના લેહાજથી "બરકાતુલ ઈમદાદ લિ અહલિલ ઈસ્તિમદાદ" નામ રાખ્યું.




## શું તમે સુન્ની છો અને તમારે ત્યાં "કન્ઝુલ ઈમાન" નથી !!

આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, શૈખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ની નૂરાની કલમે કલામુલ્લાહનો ઉર્દૂમાં સર્વશ્રેષ્ઠ તર્જુમો તથા સદરૂલ અફાઝિલ હઝરત મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદીની લખેલ તફસીર એટલે....

# કન્ઝુલ ઈમાન
## વ ખઝાઈનુલ ઈરફાન
(ગુજરાતીમાં)

**હદીયો** : ૩૫૦/– રૂા. (ટપાલ ખર્ચ : ૩૦/–)

**ગુજરાતી અનુવાદક** : મર્હૂમ મૌલાના હસન આદમ કોલનવી સાહબ (ફાઝિલે દારુલ ઉલૂમ શાહે આલમ, અમદાવાદ)

આ અણમોલ તોહફો આપના ઘરોમાં વસાવો, વાંચો, વંચાવો અને તમારુ પુત્રીઓ–બહેનોને શાદીઓમાં ભેટ રૂપે જરૂરથી આપો.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયુઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

વાહ ક્યા મર્તબા અય ગૌષ હૈ બાલા તેરા
ઊંચે ઊંચોં કે સરોં સે કદમ આ'લા તેરા

સર ભલા ક્યા કોઈ જાને કે હૈ કૈસા તેરા
અવલિયા મલતે હૈં આખેં વો હૈ તલવા તેરા

ક્યા દબે જિસપે હિમાયતકા હો પંજા તેરા
શેર કો ખતરે મેં લાતા નહીં કુત્તા તેરા

તૂ હુસૈની હસની ક્યૂં ન મુહિયુદ્દીન હો
અય ખિઝર ! મજમએ બહરૈન હૈ ચશ્મા તેરા

કસ્મેં દે દે કે ખિલાતા હૈ પિલાતા હૈ તુઝે
પ્યારા અલ્લાહ તેરા ચાહનેવાલા તેરા

મુસ્તફા કે તને બે સાયા કા સાયા દેખા
જિસને દેખા મેરી જાન જલ્વએ ઝૈબા દેખા

ઈબ્ને ઝહરા કો મુબારક હો ઉરૂસે કુદરત
કાદરી પાએં તસદુક મેરે દુલ્હા તેરા

ક્યૂં ન કાસિમ હો કે તૂ ઈબ્ને અબિલ્ કાસિમ
ક્યૂં ન કાદિર હો કે મુખ્તાર હૈ બાબા તેરા

નબ્વી મેહ, અલ્વી ફસ્લ, બતૂલી ગુલશન
હસની ફૂલ, હુસૈની હૈ મહેકના તેરા

નબવી ઝિલ, અલ્વી બુર્જ, બતૂલી મંઝિલ
હસની ચાંદ, હુસૈની હૈ ઉજાલા તેરા

નબવી ખૂર, અલ્વી કોહ, બતૂલી મઅદન
હસની લઅલ, હુસૈની હૈ તજલ્લા તેરા

બહરો બર, શહરો કરા, સહલો હઝન, દશ્તો ચમન
કૌન સે ચક પે પહોંચતા નહીં દાવા તેરા



હુસ્ને નિય્યત હો, ખતા ફિર કભી કરતા નહીં
આઝમાયા હૈ, યગાના હૈ દો ગાના તેરા

અર્ઝ અહવાલ કી પ્યાસોં મેં કહાં તાબ મગર
આખેં અય અબરે કરમ તકતી હૈ રસ્તા તેરા

મૌત નઝદીક ગુનાહોં કી તહીં મેલ કે ખોલ
આ બરસ જા કે નહા ધો લે યે પ્યાસા તેરા

આબ આમદ વો કહે, ઔર મૈં તયમ્મુમ બરખાસ્ત
મુશ્તે ખાક અપની હો ઔર નૂર કા અહલા તેરા

જાન તો જાતે હી જાએગી કયામત યે હૈ
કે યહાં મરને પે ઠેહરા હૈ નઝારા તેરા

તુઝ સે દર, દરસે સગ, સગ સે હૈ મુઝકો નિસ્બત
મેરી ગરદન મેં ભી હૈ દૂર કા ડોરા તેરા

ઈસ નિશાની કે જો સગ હૈં નહીં મારે જાતે
હશ્ર તક મેરે ગલેમેં રહે પટ્ટા તેરા

મેરી કિસ્મત કી કસમ ખાએં સગાને બગદાદ
હિંદ મેં ભી હૂં તો દેતા રહૂં પેહરા તેરા

તેરી ઈઝ્ઝત કે નિષાર અય મેરે ગૈરતવાલે !
આહ સદ આહ કે યું ખ્વાર હો બુર્દહ તેરા

બદ્ સહી, ચોર સહી, મુજરિમ નાકારા સહી
અય વો કૈસા હી સહી, હૈ તો કરીમા તેરા

મુઝકો રૂસ્વા ભી અગર કોઈ કહે તો યૂહીં
કે વોહી ન વો ''રઝા'' બંદએ રૂસ્વા તેરા

અય 'રઝા' યૂં ન બિલક, તૂ નહીં જય્યદ, તો ન હો
સૈયદે જય્યદે હર દહર હૈ મૌલા તેરા

ફખ્રે આકા મેં **'રઝા'** ઔર ભી ઈક નઝમે રફીઅ
ચલ લિખા લાએં ષના ખ્વાનોમેં ચેહરા તેરા